પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૧૪૮ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૪-૦૨-૨૦૨૩ મંગળવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ


EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### હિંડનબર્ગ પર આજે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી

## બેન્ચે રોકાણકારોની સુરક્ષા માટે સેબી પાસેથી સૂચનો માંગ્યા હતા : અદાણી ગ્રુપે રેવન્યુ ગ્રોથ ટાર્ગેટને ૫૦ ટકા કર્યો



નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટ આજે સોમવારે (૧૩ ફેબ્રુઆરી)અદાણી ગ્રુપ સામે હિંડનબર્ગના રિપોર્ટ સબંધીત બે જાહેરહિતની અરજીઓ પર સુનાવણી કરશે. એડવોકેટ એમએલ શર્મા અને વિશાલ તિવારીએ આ જાહેરહિતની અરજી કરી હતી. આ અરજીઓમાં દાવો કરવામાં આવ્યો છે કે હિંડનબર્ગે શેરોને શોર્ટ સેલ કર્યા જેથી રોકાણકોરાને ભારે નુકશાન થયું છે. આ મામલે પહેલી સુનાવણી શુક્રવારે (૧૦ ફેબ્રુઆરી)એ થઈ હતી. આ દરમિયાન ચીફ જસ્ટીસ ડી વાય ચન્દ્રચુડ અને જસ્ટીસ પીએસ નરસિમ્હા અને જેબી પારડીવાલાએ સિક્યોરિટી એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા પાસે ભવિષ્યમાં રોકાણકારોની સુરક્ષા માટે શું પગલા ભરવામાં આવી રહ્યા છે, તે બાબતે સુચનો માંગ્યા હતા. સેબી તરફથી સોલિસિટક જનરલ તુષાર મહેતાને કોર્ટે કહ્યું હતું કે આ મામલે સોમવારે સંપુર્ણ જાણકારી સાથે આવજો. આ તરફ, અદાણી ગ્રુપે પોતાના રેવન્યુ ગ્રોથ ટાર્ગેટને ૫૦% કરી દીધો છે.

અરજીઓમાં દાવો કરવામાં આવ્યો છે કે હિંડનબર્ગના શેરોને શોર્ટ સેલ કરાયા, જેથી રોકાણકારોને મોટું નુકશાન થયું. તિવારીએ કહ્યું કે હિંડનબર્ગ રિપોર્ટે દેશની છબીને ધુંધળી કરી છે. તેણે અર્થવ્યવસ્થાને અસર પહોંચાડી છે. જ્યારે, શર્માની અરજીમાં દાવો કરવામાં આવ્યો છે કે રિપોર્ટ પર મીડિયાના પ્રચારે બજારોને અસર પહોંચાડી છે, અને હિંડનબર્ગના ફાઉન્ડર નાથન એન્ડરસન પણ સેબીને પોતાના દાવાના પુરાવા આપવામાં નિષ્ફળ રહ્યા છે.

મનોહર લાલ શર્માએ અરજીમાં સેબી અને કેન્દ્રીય ગૃહ મંત્રાલયને પણ હિંડનબર્ગ રિસર્ચ ફાઉન્ડર નાથન એન્ડરસન અને ભારતમાં તેના સાથીદારો સામે તપાસ કરવા અને એફઆઈઆર નોંધવા માટેના નિર્દેશ આપવા માટની માંગ કરવામાં આવી છે.વિશાલ તિવારીએ જીઝના રિટાયર્ડ જજની અધ્યક્ષતાવાળી એક કમિટી બનાવીને હિંડનબર્ગ રિપોર્ટની તપાસ કરવાની માંગ કરી છે. તિવારીએ પોતાની અરજીમાં લોકોની તે હાલત બાબતે પણ જણાવ્યું હતું કે જ્યારે શેરના ભાવમાં ઘટાડો થાય છે.૨૪ જાન્યુઆરીના રોજ, હિંડનબર્ગ રિસર્ચે

### અદાણી ગ્રુપની મુશ્કેલી યથાવત, ફરી ગીરવે મૂકવા પડ્યા શેર

અદાણી જૂથને લગતો એક અહેવાલ પ્રકાશિત કર્યો હતો. રિપોર્ટમાં ગ્રુપ પર મની લોન્ડરિંગથી લઈને શેરની હેરાફેરી સુધીના આરોપો લગાવવામાં આવ્યા હતા. રિપોર્ટ બાદ ગ્રુપના શેરમાં ભારે ઘટાડો જોવા મળ્યો હતો. અદાણી એન્ટરપ્રાઈઝિસનો શેર શુક્રવારે એટલે કે ૩ ફેબ્રુઆરીએ રૂ. ૧૦૦૦ની નજીક પહોંચી ગયો હતો. જો કે, પાછળથી તે રિકવર થઈ ગયો હતો.અદાણી ગ્રુપે પોતાના રેવન્યુ ગ્રોથને પચાસ ટકા ઘટાડી દીધો છે. બ્લુમબર્ગે આ મામલાના પરિચિત લોકોને ટાંકીને જણાવ્યું હતુ કે અદાણી ગ્રુપ આગામી નાણાકીય વર્ષ માટે ૧૫% થી ૨૦%નો રેવન્યુ ગ્રોથ માટેનો ટાર્ગેટ રાખી રહ્યું છે, જે ખરેખરના ટાર્ગેટ ૪૦%થી ઓછો છે. ગૌતમ અદાણીની કન્ટ્રોલ લિસ્ટેડ કેપનીઓને ૨૪ જાન્યુઆરીએ હિંડનબર્ગનો રિપોર્ટ સામે આવ્યા બાદથી માર્કેટ વેલ્યુંમાં ૧૦૦ બિલિયન ડોલક કરતા પણ વધુનું નુકશાન થયું છે.

અદાણી ગ્રુપની કંપનીઓના શેરના ભાવમાં ઘટાડાને જોતા શુક્રવારે અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીની નેટવર્થ ઘટીને ૪.૭૮ લાખ રુપિયા (૫૮ અબજ ડોલર) થઈ ગઈ હતી. આ એક દિવસ પહેલા સુધી ૬૦ અબજ ડોલરની ઉપર હતી. અદાણીની નેટવર્થમાં શુક્રવારે ૧૯.૮૦ હજાર રુપિયા (૨.૪ અબજ ડોલર)નો ઘટાડો થયો. આ ઘટાડાના કારણે તેઓ ફોર્બ્સની રિયલ ટાઈમ બિલેનિયરની યાદીમાં ૧૭માં નંબરેથી સરકીને ૨૨માં નંબરે આવી ગયા હતા.અદાણી ગ્રુપના તમામ સ્ટોક્સમાં આજે રૂ ઘિટાડો છે. ગ્રુપની ફ્લેગશિપ કંપની અદાણી એન્ટરપ્રાઈઝમાં ૨%થી વધુનો ઘટાડો છે. પોર્ટના શેરમાં લગભગ ૧.૫%નો ઘટાડો છે. જ્યારે, અદાણી વિલ્મર, પાવર, ગેસ, ટ્રાન્સમિશન, એનડીટિવીમાં ૫%નો ઘટાડો છે. ગ્રુપની સીમેન્ટ કંપની ACC અને અંબુજામાં લગભગ ૨%નો ઘટાડો છે. આ પહેલા શુક્રવારે અદાણી એન્ટરપ્રાઈઝનાં શેરમાં ૩.૭૮%નાં ઘટાડા સાથે ૧,૮૫૩ રુપિયા પર બંધ થયો હતો. અદાણી વિલ્મર ૧.૨૧% ઘટ્યો. આ ઉપરાંત અદાણી ટ્રાન્સમિશન, ગેસ, પાવર અને ગ્રીનમાં ૫-૫%નો ઘટાડો જોવા મળી રહ્યો હતો.દરમિયાન અદાણી ગ્રૂપને લગતા સમાચારો આવતા રહે છે અને તેની અસર ગ્રૂપની કંપનીઓના લિસ્ટેડ શેર પર રોજ જોવા મળી રહી છે. અદાણી ગ્રૂપની કંપનીઓના શેરમાં કેટલાક દિવસોથી ભારે વધઘટ જોવા મળી રહી છે. અદાણી જૂથની ત્રણ કંપનીઓએ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા પાસે વધારાના શેર ગીરવે મૂક્યા છે. થોડા દિવસો પહેલા, અમેરિકાની શોર્ટ સેલર કંપની હિંડનબર્ગ દ્વારા અદાણી પર છેતરપિંડીનો આરોપ લગાવ્યાના અહેવાલ પછી, તેના બજાર મૂલ્યમાં લગભગ ઈં ૧૨૦ બિલિયનનું નુકસાન થયું છે.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૧૫૧ બસોનુ બે ડ્રાઈવરને પ્રતિકાત્મક ચાવી આપીને લોકાર્પણ કર્યુ



ગાંધીનગર,


મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા ગાંધીનગરથી ૪૦ સ્લીપર કોચ એ ૧૧૧ લક્ઝરી કોચે સહિત ૧૫૦ બસીસનું લોકાર્પણ કર્યુ હતુ. ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમે કુલ ૫૩ કરોડ રૂપિયાના ખર્ચે નવી ૧૫૧ બસ મુસાફર જનતાની સેવામાં કાર્યરત કરી છે. વાહન વ્યવહાર રાજ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રીશ્રીએ એસ.ટી. નિગમની અન્ય એક વધુ મુસાફર સુવિધા સેવા ઓટોમેટીક પબ્લિક એનાઉન્સમેન્ટ સિસ્ટમનો પણ પ્રારંભ કરાવ્યો હતો.

આ સિસ્ટમ કાર્યરત થવાથી મુસાફરોને પૂછપરછ બારીનો ઉપયોગ કર્યા વિના ઓડિયો સિસ્ટમ મારફતે બસનો રૂટ, બસ નંબર, સ્ટોપેજીસ અને બસ ક્યા પ્લેટફોર્મ પર આવશે તેની સંપૂર્ણ વિગતો મળતી થઈ જશે. અત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે, ગુજરાત એસટી નિગમે નાગરિક મુસાફરોની સુવિધામાં સતત વૃદ્ધિના અભિગમ સાથે રૂપિયા ૩૧૦ કરોડની નાણાકીય જોગવાઈ સાથે એક હજાર નવી બસ સંચાલનમાં મૂકવા કાર્ય આયોજન કર્યું છે.

આ ૧,૦૦૦ બસમાંથી ૫૦૦ સુપર એક્સપ્રેસ, ૩૦૦ લક્ઝરી અને ૨૦૦ સ્લીપર કોચ ક્રમશઃ મુસાફરોની સેવામાં મૂકવામાં આવી રહી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે આ નવી બસ પૈકી વધુ ૧૫૧ બસ આજથી પેસેન્જર સર્વિસમાં મૂકવામાં આવી છે. આ બસનું નિર્માણ એસ ટી નિગમ દ્વારા ઈન હાઉસ કરવામાં આવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ગ્રીન ક્લિન એનર્જીને પ્રોત્સાહન આપવાની પ્રતિબદ્ધતામાં સૂર પુરાવતા એસટી નિગમે ઝીરો એર પોલ્યુશન ધરાવતી ૫૦ ઈલેક્ટ્રીક બસ સંચાલનમાં મૂકી છે અને હજુ વધારે ૫૦ ઈ બસ નાગરિકોની સેવામાં આવનારા દિવસોમાં શરૂ કરાશે. એટલું જ નહિ ,૨૦૨૦ માં દેશમાં જાહેર પરિવહન સેવા માટે કાર્યરત નિગમ દ્વારા પર્યાવરણ પ્રિય બીએસ ૦૬ નોર્મ્સ ધરાવતી ૧૦૦૦ બસ દેશ ભરમાં પ્રથમ સંચાલનમાં મુકનારા નિગમનું ગૌરવ પણ ગુજરાત એસ.ટી નિગમને આ અગાઉ મળેલું છે.

અમદાવાદ એટીએસે પૂર્વ આપીએસને બ્લેક મેઈલ કરવાનું કાવતરુ ઘટનાર ૫ લોકોની કરી ધરકપડઅમદાવાદ એટીએસે પૂર્વ આપીએસને બ્લેક મેઈલ કરવાનું કાવતરુ ઘટનાર ૫ લોકોની કરી ધરકપડ ગુજરાત એસટી ૨૭૪ સ્લીપર કોચ, ૧૧૯૩ સેમી લક્ઝરી અને ૫૨૯૬ સુપર ડિલક્સ સુપર અને ૧૨૦૩ મીની બસ સહીત ૭૯૬૬ના કાફલા સાથે રાજ્યની જનતા જનાર્દનની પરિવહન સુવિધા માટે કર્તવ્યરત છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ગુજરાત એસટી નિગમને કાર્યદક્ષ, સમયસર અને પર્યાવરણ પ્રિય યાતાયાત સુવિધા લોકોને પૂરી પાડવા અંગે અભિનંદન પાઠવ્યા હતા. વાહન વ્યવહારના અધિક મુખ્ય સચિવ એમ કે દાસ, એસટી નિગમના એમડી શ્રી ગાંધી, જોઈન્ટ એમ ડી પ્રજાપતિ,ગાંધીનગર શહેરના મેયર હિતેશ મકવાણા, તેમજ ગાંધીનગર ઉત્તર, દહેગામ, કલોલ અને માણસા ના ધારા સભ્યો અને આમંત્રિતો, અધિકારીઓ આ અવસરના સાક્ષી બન્યા હતા.

## ચારધામ યાત્રા ૨૦૨૩ : VIP દર્શન માટે ચાર્જ લાગુ થાય તેવી શક્યતા



દહેરાદુન,

મકાલેશ્વર મંદિર ઉજ્જૈન, વૈષ્ણોદેવી મંદિર જમ્મુ કાશ્મીર અને સોમનાથ મંદિર ગુજરાતની વ્યવસ્થા સાથે વાતચીત કરશે. તમામ વાતોના અભ્યાસ બાદ બીકેટીસી અને શાસન સ્તર પર વ્યવસ્થાઓને બદલવા પર વિચાર કરવામાં આવી શકે છે.

ઉત્તરાખંડમાં ચારધામ યાત્રા ૪ એપ્રિલ મહિનાથી શરૂ થઈ રહી છે પરંતુ ભીડની વધુ સંખ્યાને જોતા તંત્ર અને બીકેટીસી સ્તર પર વ્યવસ્થામાં પરિવર્તન કરવા મુદ્દે વિચાર કરી રહી છે, જાણકારી અનુસાર આ વખતે વીઆઈપી દર્શન માટે ચાર્જ લાગુ થઈ શકે છે. સાથે જ અન્ય ઘણી વ્યવસ્થામાં પરિવર્તન કરવામાં આવી શકે છે. આ માટે શ્રી બદ્રી કેદારનાથ સમિતિની ૪ ટીમ દેશના પ્રતિષ્ઠિત ધાર્મિક સ્થળોના અભ્યાસ માટે રવાના થઈ ચૂકી છે. જેમાં એક ટીમ તિરુપતિ વેંકટેશ મંદિર આંધ્ર પ્રદેશ ગઈ છે, બીજી ટીમ વૈષ્ણો દેવી મંદિર જમ્મુ કાશ્મીર અને ત્રીજી ટીમ મહાકાલેશ્વર મંદિર ઉજ્જૈન ગઈ છે, જ્યારે ચોથી ટીમ સોમનાથ મંદિર ગુજરાતમાં તંત્ર સાથે વાતચીત કરશે.

આ ચારેય ટીમો આ ચારેય પ્રતિષ્ઠિત ધાર્મિક સ્થળોમાં વ્યવસ્થાઓને જોશે, સાથે જ વીઆઈપી દર્શન માટે ત્યાં શું વ્યવસ્થા છે, તેની પર ત્યાંના વહીવટીતંત્ર સાથે વાતચીત કરશે. આના રિપોર્ટ બાદ ઉત્તરાખંડમાં ચારેય ધામોમાં અમુક વ્યવસ્થામાં પરિવર્તન કરવામાં આવી શકે છે. સાથે જ વીઆઈપી દર્શન માટે પણ ચાર્જ લગાવવામાં આવી શકે છે.

એક તરફ તીર્થ પુરોહિતોનું કહેવુ છે કે વ્યવસ્થા બીકેટીસીના માધ્યમથી બદ્રીનાથ અને કેદારનાથ ધામમાં કરવામાં આવે છે, પરંતુ અગાઉ પણ ઘણીવાર બીકેટીસીની કેટલીક ટીમો આ પ્રકારના અભ્યાસ કરી ચૂકી છે, પરંતુ આનો કંઈ ફાયદો થયો નહીં. એટલુ જ નહીં પુરોહિતોનું એ પણ કહેવુ છે કે ભગવાનના દરબારમાં વીઆઈપી દર્શન જેવી બાબતોનો કોઈ અર્થ નથી, કેમ કે ઉત્તરાખંડના ચારધામ લાખો કરોડો લોકોની આસ્થાનું કેન્દ્ર છે, દરમિયાન અતિ વિશિષ્ટ લોકોને અલગથી સુવિધા આપવી યોગ્ય નથી. તીર્થ પુરોહિતો અનુસાર શ્રી બદ્રી કેદારનાથ સમિતિને સ્થાનિક લોકો અને તીર્થ પુરોહિતો સાથે આ સંબંધિત વાત કરવી જોઈએ, જેથી ત્યાં વ્યવસ્થાઓને વધુ શ્રેષ્ઠ કરી શકાય.

## વડોદરા કોર્પોરેશનના ક્લાર્કને રૂ.૮૦૦૦ની લાંચ લેતા એસીબીએ ઝડપ્યો

વડોદરા,


વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના વોર્ડ નંબર ૧૩ માં ફરજ બજાવતા ક્લાર્ક ભરત દિનકર શાહ આજે બપોરે રૂ.૮,૦૦૦ ની લાંચ લેતા એન્ટી કરપ્શન વિભાગના અધિકારીઓના હાથે ઝડપાઈ ગયા હતા. દાંડિયા બજાર વિસ્તારની માલિકીની મિલકતમાં વર્ષ ૨૦૦૯ થી ખરીદ કરી હતી તેમ છતાં મિલકતમાં ભાડુઆત પ્રમાણેની આકારણી કરવામાં આવતી હતી જેને કારણે મકાન માલિકે કોર્પોરેશનમાં અવારનવાર મકાન માલિક તરીકેનું નામ ઉમેરવા રજૂઆત કરી હતી દરમિયાનમાં મકાન માલિકના મિત્ર જગદીશભાઈ શાહને નામ ફેર કરવા અને ભાડાની આકારણી થતી બંધ કરવા કોર્પોરેશનમાં કામગીરી કરાવવાની જવાબદારી સોંપી હતી જે આધારે જગદીશભાઈ એ વોર્ડ નંબર ૧૩ ના ભરતભાઈ શાહ સાથે સંપર્ક કર્યો હતો અને વર્ષ ૨૦૦૯ થી ભાડાની આકારણી થઈ રહી છે તેમાં માફી આપવા અને મકાન માલિક તરીકે ની આકારણી કરવા લેખિતમાં રજૂઆત કરી હતી જે કામગીરી કરવા માટે ભરત સાહેબ રૂ.૧૨,૦૦૦ ની માંગણી કરી હતી અને ભાડાની આકારણીમાં વર્ષ ૨૦૧૭ થી માફી આપવા જણાવ્યું હતું આખરે રૂપિયા ૯૦૦૦ આપવાનું નક્કી થતાં જગદીશભાઈએ એન્ટી કરપ્શન વિભાગ નો સંપર્ક કર્યો હતો. આજે બપોરે એન્ટીકરપ્શન વિભાગે રાજમેલ રોડ કાશી વિશ્વનાથ મંદિર સામે તોપની સામે દરવાજા પાસે છટકું ગોઠવ્યું હતું અને જગદીશભાઈ પાસે વોર્ડ નંબર ૧૩ ના કર્મચારી ભરત દિનકર શાહ નાણાં લેવા આવ્યા ત્યારે રૂપિયા ૮૦૦૦ લેતા તેઓને ઝડપી પાડ્યા હતા.

## ગુજરાતમાં ગત એક વર્ષમાં દારૂ કરતા વધુ ડ્રગ્સ પકડાયું

ગાંધીનગર,

ગુજરાતમાં છેલ્લા એક વર્ષમાં જેટલુ ડ્રગ્સ પકડાયુંછે તેટલો તો ૫૦ વર્ષમાં ગેરકાયદેસર દારૂ પણ પકડાયો નથી. આ જાણકારી ગાંધીનગર ખાતે રાર્ષ્ટ્રીય કક્ષા વિશ્ર્વવિધાલયમાં ગુજરાતમાં સમુદ્રી સુરક્ષા મુદે આયોજીત ચર્ચામાં કોસ્ટલ પોલીસના ડેપ્યુટી ઈન્સ્પેકટર જનરલ નિલેશ જાજડિયાએ આપી હતી. તેમણે જણાવ્યુ કે, આવુ પહેલી વખત બન્યું છે કે અમારી પોલીસે દરિયાકિનારે છોડીને પાણીમાં પ્રવેશ કર્યો તેમજ એન્ટી ટેરેરીસ્ટ સ્કવોડ તથા અન્ય એજન્સીઓ સાથે મોટી માત્રામાં ડ્રગ્સ પકડયું છેલ્લા એક વર્ષમાં ગુજરાત પોલીસ અને અન્ય એજન્સીઓએ મળીને સૌથી વધુ ડ્રગ્સ પકડયું છે જે મોટી ઉપલબ્ધી છે. તેમણે કહ્યું કે, સમુદ્રી સુરક્ષાનું મહત્વ દેશની સુરક્ષા સાથે છે. ભારતમાં ગુજરાત જ એવું રાય છે જેની જમીન અને હરિયાઈ સરહદ પાકિસ્તાન સાથે જોડાયેલી છે. દરિયાઈ સુરક્ષા રાય સાથે જ નહીં પરંતુ દેશ સાથે પણ જોડાયેલ છે. ૨૬—૧૧ના હુમલા બાદ સરકારે દરિયાઈ સરહદને વધુ મહત્વ આપ્યું છે. કોસ્ટલ પોલીસની ભૂમિકા દેશના નાગરિક અને નૌકાદળ વચ્ચે મહત્વની કડી છે. તેમણે જણાવ્યું કે, ભારતીય બંધારણિય પ્રણાલીમાં ફેરફાર બાદ કોઈપણ વોરટં વગર દરિયાઈ બોટની તપાસ માટેનો અધિકાર મળ્યો છે.

## સિક્કિમમાં આજે વહેલી સવારે અનુભવાયા ભૂકંપના આંચકા, લોકો ફફડી ઊઠ્યાં, કોઈ જાનહાનિ નહીં



શિલોંગ,

છેલ્લા કેટલાક દિવસોથી દુનિયાભરમાં ભૂકંપના અહેવાલો મળી રહ્યા છે ત્યારે ભારતના મોટાભાગના રાજ્યોમાં હવે ધીમે ધીમે ભૂકંપની ઘટનાઓ વધતી જઈ રહી છે. સોમવારે વહેલી સવારે સિક્કિમના કેટલાક વિસ્તારોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હોવાનું સામે આવ્યું છે. ભૂકંપની તીવ્રતા ૪.૩ નોંધાઈ હતી. જોકે ભૂકંપની તીવ્રતા ઓછી હોવાને કારણે કોઈ જાનહાનિ કે જાનમાલને નુકસાન થયું હોવાની કોઈ માહિતી નથી.

રાષ્ટ્રીય ભૂકંપ કેન્દ્રના અહેવાલ અનુસાર સવારે ૪.૧૫ કલાકે આંચકા અનુભવાયા હતા. તેનું કેન્દ્ર ઉત્તર-પૂર્વીય યુક્સોમમાં હતું. ભૂકંપનું કેન્દ્ર સપાટીથી ૭૦ કિલોમીટરની ઉંડાઈએ હતું. આ પહેલા ગત રવિવારે આસામના કેટલાક ભાગોમાં પણ ચારની તીવ્રતાનો ભૂકંપ અનુભવાયો હતો.

આસામમાં પણ ભૂકંપથી કોઈ જાનહાનિ કે સંપત્તિને નુકસાન થયું નથી. રાષ્ટ્રીય ભૂકંપ કેન્દ્રના અહેવાલ મુજબ, આંચકો સાંજે ૪.૧૮ કલાકે અનુભવાયો હતો અને તેનું કેન્દ્ર નગાંવ જિલ્લામાં બ્રહ્મપુત્રા નદીના દક્ષિણ કાંઠે હતું.

## લોકસભામાં પીએમ મોદી અંગે 'અસંસદીય ટિપ્પણી' બદલ રાહુલ ગાંધીને નોટિસ

નવીદિલ્હી,

મોદી સરકારના બીજા કાર્યકાળનું અંતિમ પૂર્ણ બજેટ ૧લી ફેબ્રુઆરીએ નાણામંત્રી નિર્મલા સિતારમણે રજૂ કર્યું હતું જે બાદ સંસદના બંને ગૃહ લોકસભા અને રાજ્યસભામાં બજેટ સત્ર પર ચર્ચા થઈ રહી છે ત્યારે ૭ ફેબ્રુઆરીએ રાહુલ ગાંધી પર લોકસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પર ચર્ચા દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ અદાણી મુદ્દે આકરા પ્રહારો કર્યા હતા પરિણામે આ મુદ્દે ભાજપના સાંસદોએ આપત્તિ જણાવી હતી ત્યારે હવે લોકસભા સચિવાલયે કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીને નોટિસ પાઠવી છે એટલું જ નહીં ૧૫ ફેબ્રુઆરી સુધીમાં નોટિસનો જવાબ દાખલ કરવા કહ્યું છે.

ભાજપના સાંસદ નિશિકાંત દુબે અને સંસદીય કાર્ય મંત્રી પ્રહલાદ જોશીના વિશેષાધિકાર ભંગની નોટિસ પર સચિવાલયે રાહુલ ગાંધી પાસેથી જવાબ માંગ્યો છે. લોકસભા સચિવાલયે રાહુલ ગાંધીને આ નોટિસનો જવાબ ૧૫ ફેબ્રુઆરી સુધીમાં દાખલ કરવા કહ્યું છે. રાહુલ ગાંધી પર લોકસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પર ચર્ચા દરમિયાન વડાપ્રધાન મોદી વિરુદ્ધ ખોટા, તિરસ્કારપૂર્ણ, અસંસદીય અને ભ્રામક તથ્યો મૂકવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો. આ મામલે લોકસભા સચિવાલયની વિશેષાધિકાર અને આચાર શાખાના ઉપસચિવે રાહુલ ગાંધીને ઈમેલ પર પત્ર લખ્યો છે.

## અમદાવાદના નવા પોલીસ કમિશ્નર કોણ? : ૨ નામો ચર્ચામાં છે



અમદાવાદ,

બજેટ સત્ર પછી ડીડીઓ, કલેક્ટર, કમિશનર સ્તરે થોડા અંશે તેમજ સેક્રેટરીએટમાં મોટાપાયે આઈએએસ ઓફિસરોમાં બદલીઓનો ધાણવો કૂટાય તેવી સંભાવના છે આઈપીએસ સંજય શ્રીવાસ્તવની નિવૃત્તિ સાથે એપ્રિલમાં અમદાવાદ પોલીસ કમિશનર સહિત કેટલાક જિલ્લા પોલીસ અધિકારીઓની રેન્જમાં પણ બદલાવ નિશ્ચિત છે. આ પૂર્વ તૈયારીના ભાગરૂપે સપ્તાહે આઈપીએસ સમશેરસિંહને વડોદરા પોલીસ કમિશનર તરીકે ય રાખીને ડીજીપી પદે પ્રમોટ કરાયા છે. અમદાવાદ પોલીસ કમિશનર તરીકે સમશેરસિંહ કે સુરત પોલીસ કમિશનર અજય તોમર એ બે નામો હાલમાં સ્પર્ધામાં હોવાનું કહેવાય છે. સૌથી મોટી ચર્ચા એ સંજય શ્રીવાસ્તવની છે. એક વર્ષ પહેલાં સંજય શ્રીવાસ્તવનું નામ ડીજીપી પદ માટે ચર્ચામાં હતું. જેઓએ તૈયારીઓ પણ કરી લીધી હતી, પણ આખરી તબક્કે ભાટિયાનો કાર્યકાળ વધારાતાં સંજય શ્રીવાસ્તવની મનની મનમાં રહી ગઈ હતી. હવે સંજય શ્રીવાસ્તવ પાસે નોકરીનો સમય વધારે નથી. ગુજરાત સરકાર સંજય શ્રીવાસ્તવને ૩ મહિના માટે ડીજીપી બનાવી શકી હોત, પણ હાલમાં વિકાસ સહાયને કાર્યકારી બનાવી સંજય શ્રીવાસ્તવના અરમાનો પર પાણી ફેરવી નાખ્યું છે. કારણ કોઈ પણ હોય, દરેક સરકારે સંજય શ્રીવાસ્તવને સાઈડલાઈન રાખ્યા છે. દિલ્હી સુધી મોકલવામાં આવેલા નામોમાં પણ સંજય શ્રીવાસ્તવનું નામ મોકલાયું ન હતું. આમ ગત વર્ષે તો ચાન્સ મળ્યો ન હતો. સરકાર એમને ૩ મહિના માટે ડીજીપી બનાવી શકી હોત, પણ વિકાસ સહાયને આ તક આપી છે. અમદાવાદમાં પોલીસ કમિશ્નર તરીકે સંજય શ્રીવાસ્તવની કામગીરી સારી હોવા છતાં તેઓ સરકારની ગુડબુકમાં ના આવી શકતાં તેઓએ આ પદથી વંચિત રહી ગયા છે. રાજ્યના મુખ્ય સચિવપદેથી પંકજકુમારની વિદાય તથા અધિ મુખ્ય સચિવ વિપુલ મિત્રાન એક્સ-કેડર પોસ્ટ ઉપર સ્થળાંતર કારણે વર્ષ ૧૯૯૧ બેચન અગ્રસચિવોના એસીએસ દર પ્રમોશન માટે હવે માર્ગ મોકળો થયો છે, જેઓ છેલ્લા એક વર્ષથી આતુર નયને ઈન્તેજારમાં હતા. આ બેચમાં ડૉ. અંજુ શર્મા, એસ.જે. હૈદર અને જગદીશ પ્રસાદ ગુપ્તા સમાવિષ્ટ છે. નિયમ મુજબ મુખ્ય સચિવ સહિત એસીએસની ૬ કેડર પોસ્ટ અને એટલી જ એક્સ-કેડર પોસ્ટ મળીને ૧૨ જગ્યા રાજ્યમાં છે, પણ અત્યાર સુધી સીએસ સહિત ૧૩ એસીએસ હતા. હવે સીએસ સાથે કેડર પોસ્ટ ચાર થતાં ટૂંક સમયમાં એસીએસના પ્રમોશન જાહેર થવાની શક્યતા છે.

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
બી. એમ. પગી
તરફથી અભીનંદન....
મુ. હાડોડ,
તા. લુણાવાડા,
જી. મહીસાગર

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
ઓમ સ્વ. સાંઈ સહાય જુથ
તરફથી અભીનંદન....
મુ. વિરણીયા,
તા. લુણાવાડા,
જી. મહીસાગર

# લુણાવાડાની લીલાવતી હાર્ટ ઈન્સ્ટીટયુટમાં પીએમજય યોજનામાં પેસમેકર ઈમ્પલાન્ટેશનની સફળતાપૂર્વકની નિઃશુલ્ક સારવાર


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

મહિસાગર, રાજ્યમાં ઘણી ઓછી હોસ્પિટલ પેસમેકર ઈમ્પલાન્ટેશનની સારવાર આપે છે. ત્યારે મદય ગુજરાતના મહીસાગર જિલ્લાના લુણાવાડાની જાણીતી લીલાવતી હાર્ટ ઈન્સ્ટીટયુટમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય આયુષ્યમાન ભારત યોજનામાં ડ્યુઅલ ચેમ્બર પરમાનન્ટ પેસમેકર ઈમ્પલાન્ટેશનની સફળતાપૂર્વકની નિઃશુલ્ક સારવાર સુવિધા ઉપલબ્ધ થતા લાભાર્થી દર્દી તબીબનો અને સરકારનો આભાર વ્યકત કરી રહ્યા છે.

વીરપુર તાલુકાના ધોળી ગામના ખેતી કરીને જીવન ગુજરાન ચલાવતા બાબુભાઈ તલારને અચાનક હૃદય રોગ અંગે તાત્કાલિક સારવારની જરૂર ઊભી થઈ હતી. લીલાવતી હાર્ટ ઈન્સ્ટીટયુટમાં પીએમજય યોજનાના કર્મી દ્વારા કાર્ડ ઉપલબ્ધ કરાવી ડીએમ કાર્ડીયોલોજી ડો.પીન્કેશ પરમાર અને ટીમ દ્વારા સફળતાપૂર્વક ડયુઅલ ચેમ્બર પરમાનન્ટ પેસમેકર ઈમ્પલાન્ટેશન કરવામાં આવ્યું હતું. સામાન્ય રીતે આ પ્રકારના ઈમ્પલાન્ટેશનનો ખર્ચ અઢી લાખથી સાડા ત્રણ લાખ રૂપિયા જેટલો આવતો હોય છે તેવા સંજોગોમાં બાબુભાઈને પીએમજય યોજનાનો લાભ મળતા સમગ્ર સારવાર નિશુલ્ક થઈ હતી અને તેઓ કોઈ તકલીફ વગર હરતા ફરતા થઈ ગયા હતા. ત્યારે આશીર્વાદરૂપ આ યોજના અંતર્ગત આરોગ્ય સેવા માટે લાભાર્થીએ અને તેમના પુત્રએ સરકારનો ખુબ ખુબ આભાર વ્યક્ત કર્યો હતો.

લુણાવાડામાં પીએમજય યોજના અંતર્ગત આસપાસના વિસ્તારના હૃદય રોગના જરૂરીયાતમંદ દર્દીઓ લીલાવતી હાર્ટ ઈન્સ્ટીટયુટમાં અમદાવાદ- વડોદરા જેવા મુખ્ય શહેરોમાં અવરજવરની મુશ્કેલી વેઠ્યા વગર સારવાર લાભ મેળવી રહ્યા છે. ત્યારે વધુ દર્દીઓ જરૂરિયાતના સમયે લાભ લે તેવી અપીલ કરવામાં આવી છે.

મહીસાગર જિલ્લામાં ૩.૩૯ લાખ ઉપરાંતના લોકોને આયુષ્યમાન ભારત- પીએમજેએવાય યોજનાના કાર્ડ આપવામાં આવ્યા છે. તેમજ હાલ ૮ પ્રાઈવેટ અને ૪૫ સરકારી હોસ્પીટલોમાં આ યોજના અંતર્ગત અલગ અલગ રોગમાં સારવાર મફતમાં મેળવી શકાય છે.

# સંતરામપુર સ્ટેટ હોસ્પિટલમાં ઓપીડીની સંખ્યામાં સતત થયેલો વધારો


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરાપુર, સંતરામપુર સ્ટેટ હોસ્પિટલમાં શરદી ખાંસી અને વાયરસના કારણે સ્ટેટ હોસ્પિટલમાં દર્દીઓનો ભારે ઘસારો જોવા મળ્યો હતો. જ્યારે બીજી બાજુ આ હોસ્પિટલમાં સારવાર માટે દર્દીઓનો ઘસારો વધારે જોવા મળી રહ્યો છે. કારણ કે હવે કાળજાળ મોંઘવારીમાં મદયમ વર્ગ અને ગરીબ રેખા હેઠળ જીવતા મોટી સંખ્યામાં લોકો સંતરામપુર અને ગ્રામ્ય વિસ્તારોમાંથી સ્ટેટ હોસ્પિટલનો વધારે લાભ લઈ રહેલા છીએ. ખાનગી હોસ્પિટલો માટે દવાખાનામાં સામાન્ય ન જેવી બીમારીમાં ૫૦૦ થી હજાર રૂપિયા ખર્ચ કરવા પડતા હોય છે. સતત મોંઘવારીના કારણે હવે દર્દીઓ ધીરે ધીરે સંતરામપુર સ્ટેટ હોસ્પિટલનો વધુ લાભ લઈ રહેલા છીએ આ હોસ્પિટલમાં બાળકોના સર્જન આંખના અન્ય પ્રકારના વિવિધ ડોકટરોનો અને વિવિધ બીમારી માટેનો સુવિધા મળી રહે છે અને મફત તપાસ થતી હોય છે ઈન્જેકશન ગોળી બોટલ દરેક દવાઓ મળી રહેવાના કારણે હવે ધીરે ધીરે સરકારી હોસ્પિટલમાં તરફ દર્દીઓ વળગી રહેલા છે અને આજે ખાસ કરીને નાના બાળકોની શરદી ખાંસીના કેસો વધારે જોવા મળી રહ્યા હતા. બાળકો માટે પણ દવા રેગ્યુલર તબિયત હોવાના કારણે સારવાર મળી રહે છે. જેથી કરીને સ્ટેટ હોસ્પિટલમાં સારી સુવિધાના કારણે દર્દીઓનો ઘસારો જોવા મળી રહ્યો હતો. આજે પણ ૫૦૦ ઉપરાંત ઓપેડી રજીસ્ટરમાં નોંધાયેલી હોય છે. સવાર અને સાંજ અને તાત્કાલિક સારવાર વિભાગમાં દર્દીઓનો ઘસારો જોવા મળતો હોય છે.

# મહિસાગર જિલ્લા કોંગ્રેસ પક્ષમાંથી કેટલાક પદાધિકારીઓએ રાજીનામુ આપતો પત્ર સોશિયલ મીડિયામાં વાયરલ

મહિસાગર, મહિસાગર જિલ્લા કોંગ્રેસમાંથી કેટલાક પદાધિકારીઓએ જિલ્લા પ્રમુખને પ્રાથમિક સભ્યપદેથી રાજીનામુ આપતો પત્ર સોશિયલ મીડિયામાં વાયરલ થતાં જ પક્ષનો છુપો અંતઃકલહ બહાર આવી રહ્યો છે એમ લાગી રહ્યુ છે. કેટલાક પદાધિકારીઓની પક્ષમાં અવગણના કરાતી હોવાના આક્ષેપ પણ થઈ રહ્યા છે. જેથી મુદ્દો ચર્ચાનો વિષય બન્યો છે.

મહિસાગર જિલ્લા કોંગ્રેસ પક્ષના પ્રાથમિક સભ્ય પદેથી રાજીનામુ આપવા સંદર્ભનો એક પત્ર સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. આ પત્ર જિલ્લા કોંગ્રેસ પ્રમુખને ઉદ્દેશીને લખવામાં આવ્યો છે. જેમાં જિલ્લા કોંગ્રેસના મંત્રી સહિત તાલુકાના મળી કુલ ૧૩ જેટલા હોદ્દેદારોનો સમાવેશ થાય છે. કોંગ્રેસના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામુ આપવાના મુદ્દો હાલ ચર્ચાનો વિષય બન્યો છે. પક્ષમાં પાયાના કાર્યકરોની અવગણના કરવામાં આવતી હોવાના પણ આક્ષેપ લાગ્યા છે. જો કે કાર્યકરોના પ્રાથમિક સભ્ય પદ્ધતિ રાજીનામાં અંગે સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા પત્ર મુદ્દે જિલ્લા કોંગ્રેસ પ્રમુખનો સંપર્ક કરી સત્યતા જાણવાનો પ્રયાસ કરાયો હતો દરમિયાન તેઓનો સંપર્ક થઈ શકયો ન હતો. અત્રે ચોક્સસ ઉલ્લેખવુ પડે કે તાજેતરમાં સંપન્ન થયેલી વિધાનસભાની ચુંટણી દરમિયાન મહિસાગર જિલ્લાની લુણાવાડા વિધાનસભા બેઠકમાં ચોંકાવનારા પરિણામો જોવા મળ્યા હતા. જેમાં ભાજપનો છુપો અંતઃકલહ જાહેરમાં બહાર આવી ગયો હતો. અને તેનો સીધો ફાયદો કોંગ્રેસનો થયો હતો. ત્યારે તત્કાલિન સ્થિતિમાં કોંગ્રેસનુ પાસુ મજબુત બનવા સાથે જ કોંગ્રેસના ઉમેદવાર વિજેતા થઈ હાલ લુણાવાડા વિધાનસભા બેઠકનુ સંચાલન કરી રહ્યા છે ત્યારે હવે કોંગ્રેસની છુપા આંતરિક કકળાટ કહી શકાય એવી સ્થિતિ હાલ તો રાજીનામાં સ્વરૂપે બહાર આવી રહી છે. આમ પક્ષનો છુપો અંતઃકલહ બહાર આવતા અને પક્ષમાં અવગણના કરાતી હોવાના આક્ષેપ પણ રાજીનામા આપનારા હોદ્દેદારોએ કર્યો હતો.

# લીમડી નગર ખાતે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા આવેદન પત્ર આપવામાં આવ્યું




લીમડી, લીમડી નગર ખાતે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના કાર્યકર્તા દ્વારા ગેરકાદેસર ચાલતી મટનની દુકાન અને કતલખાનાં બંધ કરાવવા માટે લીમડી ગ્રામ પંચાયતના તલાટીને આવેદન પત્ર અપાયું. વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના કાર્યકર્તાઓ દ્વારા ગેરકાયદેસર રીતે ચાલતા કતલખાના અને મટનની દુકાનો બંધ કરાવવા માંગણી કરવામાં આવી. જો માંગણી સ્વીકારવામાં ન આવે તો ઊગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી.

# બેંક ઓફ ઈન્ડિયા લુણાવાડા શાખાના નવિન પરિસરમાં કાર્યનો શુભારંભ કરાયો



મલેક્પુર, બેંક ઓફ ઈન્ડિયા,લુણાવાડા શાખાનો પ્રારંભ ૨૦૦૮માં થયો હતો. શાખા પ્રથમ ફ્લોર પર હતી. ગ્રાહકોને ચઢવા, ઉતરવાની મુશ્કેલી હતી. બેંકના વરિષ્ઠ ગ્રાહકોના હિતમા બેંકના ઉચ્ચ અધિકારીઓના નિર્ણય થી બેંક ગ્રાઉન્ડ ફ્લોર પર નવિન પરિસરમાં આજરોજ લુણાવાડાના ધારાસભ્ય ગુલાબસિંહ ચૌહાણ, શાખાના પ્રથમ નિવૃત્ત શાખા મેનેજર હિરાલાલ સોલંકી, શાખાના મેનેજર જીગ્નેશ રાઠોડ દ્વારા રીબીન કાપી બેંક કાર્ય પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે શાખાના અધિકારી યોગેશ યાદવ, લુણાવાડાના સામાજિક આગેવાન જીગરભાઈ પંડ્યા, મુકેશભાઈ પટેલ, શાખાના સ્ટાફ સદસ્ય ભીખાભાઈ પટેલ અન્ય સદસ્યો, ગ્રાહકો મોટી સંખ્યામા ઉપસ્થિત રહ્યા હતાં.

# ભારતની સરહદ નજીક ચીનની વધુ એક ચાલ, પેંગોંગ લેકથી નેપાળ સુધી ચીન રેલવે દોડાવશે



નવીદિલ્હી, લદ્દાખ પર નજર રાખીને ચીને હવે અકસાઈ ચીનમાં પેંગોંગ લેક સુધી રેલ્વે લાઈન નાખવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. ચીનની આ મહત્વકાંક્ષી રેલ્વે લાઈન શિનજિયાંગ અને તિબેટને જોડશે. ચીનની આ રેલ્વે લાઈન અકસાઈ ચીનમાં ભારતને અડીને આવેલા LACની ખૂબ નજીકથી પસાર થશે.

આ રેલ્વે લાઈન અંગેની માહિતી તિબેટ સ્વાયત્ત ક્ષેત્રની સરકાર દ્વારા આપવામાં આવી છે. ચાઈનીઝ રેલ્વે લાઈનનો પ્રથમ તબક્કો વર્ષ ૨૦૨૫ સુધીમાં પૂર્ણ થશે અને તે ઝિયાગ્ત્સેથી પખુત્સો સુધી ચાલશે. બાકીની રેલ્વે લાઈન હોટન સુધી જશે અને વર્ષ ૨૦૩૫ સુધીમાં પૂર્ણ કરવાની યોજના છે.

એક ખાનગી મીડિયા મુજબ ચીનથી તિબેટ માટે મધ્યમ અને લાંબા ગાળાની રેલવે યોજના ગયા અઠવાડિયે જાહેર કરવામાં આવી હતી. આ અંતર્ગત વર્ષ ૨૦૨૫ સુધીમાં આ રેલ્વે લાઈનને ૧૪૦૦ કિમીથી વધારીને ૪૦૦૦ કિમી કરવાની છે. ચીનનું નવું રેલવે નેટવર્ક ભારત અને નેપાળની સરહદ પરથી પસાર થશે. આમાં સૌથી મહત્વકાંક્ષી યોજના શિનજિયાંગ-તિબેટ રેલ્વે લાઈન છે. આ રેલવે લાઈન ૮૨૧૯ નેશનલ હાઈવે પાસેથી પસાર થશે. અક્સાઈ ચીનમાંથી પસાર થતા શિનજિયાંગ-તિબેટ હાઈવેએ ભારત અને ચીન વચ્ચે તણાવને વેગ આપ્યો હતો, જેના કારણે ૧૯૬૨માં યુદ્ધ થયું હતું. આ પ્રસ્તાવિત રેલ્વે લાઈન તિબેટના શિગાત્સેથી શરૂ થશે અને ઉત્તર પશ્ચિમમાં નેપાળ સરહદમાંથી પસાર થશે. તે અક્સાઈ ચીનમાંથી પસાર થશે અને શિનજિયાંગ પ્રાંતના હોટનમાં સમાપ્ત થશે. આ પ્રસ્તાવિત રેલ્વે લાઈન અક્સાઈ ચીનના રૂટોગ અને ચીનના પ્રદેશમાં પેંગોંગ લેક નજીકથી પસાર થશે.

ચીનના સત્તાવાર મીડિયાએ જણાવ્યું કે વર્ષ ૨૦૨૫ સુધીમાં ઘણા મોટા રેલવે પ્રોજેક્ટ્સમાં પ્રગતિ થશે. આ રિપોર્ટ જણાવે છે કે, પ્રાદેશિક રેલવે નેટવર્કમાં સુધારો કરવાથી સામાજિક અને આર્થિક વિકાસ થશે.તેની સાથે જ રાષ્ટ્રીય સુરક્ષાની રક્ષા કરી શકાય છે. હાલમાં તિબેટમાં ૩ રેલ્વે લાઈન છે. આમાં, લ્હાસા-નિઆંગચી રેલ્વે લાઈન તિબેટના દક્ષિણપૂર્વમાં ભારતના અરુણાચલ પ્રદેશ પાસેથી પસાર થાય છે. આ રેલ્વે લાઈનને સિચુઆન પ્રાંતની રાજધાની અને મુખ્ય આર્થિક અને લશ્કરી કેન્દ્ર ચેંગડુ સુધી લંબાવવામાં આવી રહી છે.

આ સાથે ચીનના બંને પ્રાંતોની રાજધાનીઓ વચ્ચેનું અંતર ઘટીને ૧૨ કલાક થઈ જશે, જે હાલ ૩૬ કલાક છે. યોજના અનુસાર સરહદી રેલ્વે લાઈન હવે ગીરોંગ સુધી બનાવવામાં આવશે, જે નેપાળ અને ચીન વચ્ચેનું લેન્ડ પોર્ટ છે. તે ભારતની સિક્કિમ અને ભૂટાનની સરહદની નજીક આવેલી ચુમ્બી ખીણમાં યાદોંગ કાઉન્ટી સુધી જશે.વિશ્લેષકોનું કહેવું છે કે ચીન આ વિશાળ રેલ્વે લાઈન દ્વારા સરહદી વિસ્તારોને જોડશે, જેથી ચીન સરહદ પર સુરક્ષા વધારી શકશે. આ સાથે તિબેટને ચીન સાથે આર્થિક રીતે જોડવામાં આવશે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બેંગલુરુમાં 'એરો ઈન્ડિયા ૨૦૨૩'નું ઉદ્ઘાટન કર્યું



નવીદિલ્હી, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે બેંગલુરુના યેલાહંકા એરફોર્સ સ્ટેશન ખાતે 'એરો ઈન્ડિયા ૨૦૨૩' ૧૪મી આવૃત્તિનું ઉદ્ઘાટન કર્યું. ઉદ્ઘાટન સમારોહમાં વડાપ્રધાને કહ્યું કે, 'એરો ઈન્ડિયા માત્ર શૉ નથી એ તો ભારતની તાકાત છે.'

'એરો ઈન્ડિયા ૨૦૨૩'ના ઉદ્ઘાટન સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, 'આ શોમાં દેશ-વિદેશના પ્રદર્શકો ભાગ લઈ રહ્યા છે. જેણે અત્યાર સુધીના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. તેમાં ભારતીય સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલય, સ્વદેશી સ્ટાર્ટઅપ્સ અને વિશ્વની જાણીતી કંપનીઓ પણ છે. એરો ઈન્ડિયાની આ ઘટના ભારતની વધતી ક્ષમતાનું ઉદાહરણ છે. જેમાં વિશ્વના લગભગ ૧૦૦ દેશોની હાજરી દર્શાવે છે કે ભારત પ્રત્યે વિશ્વની આસ્થા કેટલી વધી છે. ભારત અને વિશ્વના ૭૦૦થી વધુ પ્રદર્શકો ભાગ લઈ રહ્યાં છે અને અગાઉના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે.'

'સંરક્ષણ એક એવું ક્ષેત્ર છે, જેની ટેકનોલોજી, બજાર અને તકેદારી સૌથી જટિલ માનવામાં આવે છે. અમારું લક્ષ્ય ૨૦૨૪-૨૫ સુધીમાં તેની નિકાસનો આંકડો ૧.૫ અબજથી વધારીને પાંચ અબજ ડોલર કરવાનો છે. એક સમય હતો જ્યારે તેને માત્ર એક શૉ ગણવામાં આવતો હતો. છેલ્લા કેટલાક વર્ષોમાં દેશે આ ધારણાને બદલી નાખી છે. આજે તે માત્ર એક શૉ નથી પણ ભારતની તાકાત છે. જે ભારતીય સંરક્ષણ ઉદ્યોગ અને આત્મવિશ્વાસના અવકાશ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ૨૧મી સદીનું નવું ભારત ન તો કોઈ તક ગુમાવશે અને ન તો મહેનત કરવામાં પાછળ રહેશે. અમે તૈયાર છીએ. સુધારાના માર્ગ પર અમે દરેક ક્ષેત્રમાં ક્રાંતિ લાવી રહ્યાં છીએ. જે દેશ દાયકાઓ સુધી સંરક્ષણનો સૌથી મોટો આયાતકાર હતો તે દેશ હવે ૭૫ દેશોમાં સંરક્ષણ સાધનોની નિકાસ કરે છે.', એમ મોદીએ ઉમેર્યું હતું.

આ અવસર પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, 'એરો ઈન્ડિયાનું આ આયોજન ભારતની વધતી ક્ષમતાનું ઉદાહરણ છે. આમાં વિશ્વના લગભગ ૧૦૦ દેશોની હાજરી દર્શાવે છે કે ભારત પ્રત્યે વિશ્વનો વિશ્વાસ કેટલો વધ્યો છે.તેમણે કહ્યું, 'ભારત અને વિદેશના પ્રદર્શકો આમાં ભાગ લઈ રહ્યા છે. તેણે અત્યાર સુધીના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. તેમાં ભારતીય એમએસએમઈ, સ્વદેશી સ્ટાર્ટ-અપ્સ અને વિશ્વની જાણીતી કંપનીઓ પણ છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, 'આ આયોજન બીજા કારણથી ખૂબ જ ખાસ છે. આ કર્ણાટક જેવા રાજ્યમાં થઈ રહ્યું છે જે ટેક્નોલોજીની દુનિયામાં વિશેષ નિપુણતા ધરાવે છે. આ આયોજન એરોસ્પેસ અને ડિફેન્સના ક્ષેત્રે નવી તકો ઊભી કરશે. કર્ણાટકના યુવાનો માટે નવી સંભાવનાઓ ઊભી થશે.

એરો ઈન્ડિયા ૨૦૨૩ની ૧૪મી આવૃત્તિમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, 'સંરક્ષણ એક એવું ક્ષેત્ર છે, જેની ટેકનોલોજી, માર્કેટ અને સતર્કતા સૌથી જટિલ માનવામાં આવે છે. અમારું લક્ષ્ય ૨૦૨૪-૨૫ સુધીમાં તેની નિકાસનો આંકડો ૧.૫ બિલિયનથી વધારીને ૫ બિલિયન ડોલર કરવાનો છે.તેમણે કહ્યું કે ભારત હવે ૭૫ દેશોમાં ડિફેન્સ ઈક્વિપમેંટ એક્સપોર્ટ કરી રહ્યું છે.

તમને જણાવી દઈએ કે, 'એરો ઈન્ડિયા ૨૦૨૩' શૉ ૧૭ ફેબ્રુઆરી સુધી ચાલશે. જેમાં ભારતની સ્વદેશી તાકાત જોવા મળશે અને અનેક ફાઈટર એરક્રાફ્ટ અને હેલિકોપ્ટર પ્રદર્શન કરશે. આ એર શૉમાં ઉડ્ડયન ક્ષેત્રે ભારતનો વિકાસ અને તેની સંરક્ષણ ક્ષમતાઓ બતાવવામાં આવશે. આ શૉમાં ભારતીય પેવેલિયન હશે, જે આ ક્ષેત્રમાં ભારતના વિકાસને દર્શાવશે. ભારતીય પેવેલિયનમાં ભારતનું લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ તેજસ આકર્ષણનું કેન્દ્ર બનશે. 'એરો ઈન્ડિયા ૨૦૨૩' શૉ દરમિયાન એરિયલ સ્ટંટ ઉપરાંત મિટિંગ અને સેમિનારનું પણ આયોજન કરવામાં આવશે.

## આપની આજ.......

મેષ : આજનો દિવસ તમારા માટે ફાયદાકારક રહેશે, પરંતુ કોઈ નિર્ણય લેવામાં ભૂલ થઈ શકે છે. કોઈ મોટું કામ કરતા પહેલાં અનુભવી લોકો સાથે સલાહ લેવાનું નિશ્ચિત કરો.

વૃષભ : કાર્યક્ષેત્રમાં આજે તમારું ધ્યાન નવી યોજનાઓ પર કેન્દ્રિત રહેશે અને તમને અધિકારીઓનો પૂરો સહયોગ પણ મળશે. ધાર્મિક યાત્રા પર જવા માટે અચાનક યોજના બનશે.

મિથુન : ધંધાના મામલામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની સંભાવના છે. રોજિંદા કાર્યોથી આગળ કંઈક નવું કરવાનો પ્રયાસ કરો. લવ મેરેજમાં રસ ધરાવતા લોકો માટે સમય અનુકૂળ છે.

કર્ક : આજનો દિવસ સામાન્ય રહેશે. ભાગીદારીમાં કરવામાં આવતા ધંધામાં ઘણો ફાયદો થશે. રોજિંદા ઘરના કામકાજ પતાવવાની આજે સુવર્ણ તક છે. કાર્યક્ષેત્રમાં કાર્ય સમયે મન બીજે ક્યાંક ભટકવાનું શરૂ કરશે.

સિંહ : ઉતાવળમાં કોઈ કાર્ય કરવાનું ટાળો, નહીં તો મુશ્કેલી વધી શકે છે, તેથી બધું કાળજીપૂર્વક કરો. અધિકારીઓ સાથેના સંબંધો સુધરશે અને રોજગારની સ્થિતિમાં સુધાર થશે.

કન્યા : વ્યસ્તતા દિવસભર રહેશે પરંતુ ધાર્મિક કાર્યો માટે સમય કાઢશો. જીવનસાથી તમને કાર્યક્ષેત્રમાં દગો આપી શકે છે, તેથી કાળજીપૂર્વક કામ કરો. જો વિદ્યાર્થીઓ અભ્યાસ માટે થોડો સમય કાઢશે તો તે વધુ સારું રહેશે.

આજે તમને રચનાત્મક કાર્ય કરવાનું મન થશે. આજે તમારી આસપાસનું વાતાવરણ હળવું બનશે. દિવસના પહેલા ભાગમાં થોડી મૂંઝવણ રહેશે, જેના કારણે મન પરેશાન થઈ શકે છે. પરંતુ આત્મવિશ્વાસ વધ્યા પછી શક્તિમાં વધારો થશે. તમે મિત્રો સાથે ફરવા નીકળી શકો છો.

વૃશ્ચિક : આજે તમારા સ્વાસ્થ્ય પ્રત્યે ખાસ ધ્યાન રાખશો. તમારા આહારમાં બેદરકાર ના બનો. બિઝનેસમાં જોખમ લેવાનું પરિણામ આજે ફાયદાકારક રહેશે. ધૈર્ય અને તમારા નરમ વર્તનથી ઘરની સમસ્યાઓ સુધારી શકાય છે.

ધનુ : ધંધામાં ઝડપથી નિર્ણયો નહીં લેવાને કારણે કોઈ અવરોધ અથવા નુકસાન થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં મોટાભાગની યોજનાઓ સફળ થશે, જેનાથી તમારો આત્મવિશ્વાસ વધશે. આજે તમે સમર્પણ સાથે જે પણ કાર્ય કરો છો તેનું ફળ તે જ સમયે પ્રાપ્ત થશે.

મકર : કૌટુંબિક ખર્ચામાં વધારો થવાને કારણે તમે દબાણનો અનુભવ કરી શકો છો. વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે કેટલીક અડચણોનો સામનો કરવો પડી શકે છે. સમાજમાં શુભ ખર્ચાને કારણે તમારી ખ્યાતિ વધશે અને સામાજિક વર્તુળમાં પણ વધારો થશે.

કુંભ : આર્થિક મામલામાં સ્પષ્ટતાના અભાવને કારણે કોઈ પ્રિયજન સાથે વિવાદ થઈ શકે છે. પરસ્પર વાટાઘાટો, વ્યવહારમાં સંયમ અને સાવચેતી રાખવી. બપોરે કામના ધસારાને લીધે તમે શારીરિક નબળાઈ અનુભવી શકો છો, જેનાથી હાથ અને પગ પર અસર થઈ શકે છે.

મીન : આજે તમામ કામ પૂર્ણ મહેનતથી કરશો, જેના કારણે દિવસભર લાભની તકો મળશે. તમે પરિવારમાં શાંતિ અને સ્થિરતાનો આનંદ મેળવશો. જો તમે નોકરી અને ધંધામાં કેટલાક સકારાત્મક પગલા ભરો છો તો પછીથી માત્ર લાભ થશે, પરંતુ કામમાં નવી તાજગી પણ આવશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ સ્માર્ટ સીટી આખલાઓના યુદ્ધનું સ્ટેડિયમ બની ગયું

**- રાત્રે બસ સ્ટેશને સવારે ચાકલીયા રોડ પર આખલા બાખડયા.**
**- રોજે રોજ આખલાઓ રાહદારીઓને અડફેટે લઈ રહ્યા છે.**



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ શહેરમાં દિન પ્રતિદિન રખડતા પશુઓનો ત્રાસ વધવા માંડ્યો છે. તેમાંય ખાસ કરીને જાહેર રસ્તાઓ ઉપર બાખડતા આખલાઓ છેલ્લા બે દિવસથી આતંક મચાવી રહ્યાં છે. દાહોદ શહેરના બસ સ્ટેશન વિસ્તારમાં અને ચાકલીયા રોડ ખાતે બે આખલાઓ જાહેરમાં રસ્તા પર બાખડતા અહીંથી પસાર થથાં લોકોમાં નાસભાગના દ્રશ્યો સર્જાયાં હતાં. ચાકલીયા રોડ પર લડતા આખલાને એક રખડતુ કૂતરૂ છોડાવવાનો પ્રયાસ કરતુ હોય તેવા દ્રશ્યો જોવા મળતાં રાહદારીઓમાં રમૂજ ફેલાઈ હતી.

દાહોદ શહેરના વિવિધ વિસ્તારોમા રખડતા આખલાંઓનો આતંક વધવા માંડ્યો છે. સ્માર્ટ સીટી દાહોદમાં રખડતા ઢોરો તેમજ આખલાનો ત્રાસ ચરમસીમાએ પહોંચ્યોં છે અને રોડ પર સરેઆમ આખલાંઓનું યુદ્ધ દાહોદવાસીઓ માટે રોજિંદી આફત આવી પડી છે. ગત સપ્તાહમાં આખલાઓએ એક પુરૂષ અને એક મહિલાને ભેટી મારતાં ઈજા થઈ હતી. તેમ છતાં જવાબદારો સુસ્ત થઈ જાણે કોઈનો જીવ જવાની રાહ જોઈ રહ્યા હોય તેમ લાગી રહ્યુ છે.

સૌને આ આખલાઓનું યુદ્ધ ભયભીત કરી રહ્યું છે. ત્યારે સાંજના સમયે એવા જ દ્રષ્યો સર્જાયા હતા. જેમાં દાહોદ બસ સ્ટેન્ડમાં બે આખલાંઓનું યુદ્ધ છેડાતા દાહોદ બસ સ્ટેન્ડ પર લટાર મારવા આવતા તેમજ દાહોદ બસ સ્ટેન્ડ પર આવતા જતા મુસાફરોમાં નાસ ભાગના દ્રશ્યોં સર્જાયા હતા. આ બે આખલાંઓનું યુદ્ધ આશરે ૧૫ થી ૨૦ મિનિટથી વધુ ચાલ્યું હતું. આં સમય ગાળામાં આસપાસનો લોકોએ પણીનો છટકાવ કરી યુદ્ધને રોકવાની કોશિશ કરી પણ તમામ પ્રયાસો નિષ્ફળ નીવડયા હતા. ત્યારે આસપાસના લોકો દ્વારા ભારે જેહમત બાદ આં યુદ્ધને રોકવામાં સફળતા મળી હતી. ત્યારે આજે સોમવારે સવારે દાહોદ શહેરના ચાકલીયા રોડ પર પણ બે આખલાઓએ બાથ ભીડી હતી. કેટલીયે વાર આખલા બાખડતા વાહનચાલકો અને રાહદારીઓએ રસ્તો બદલવાની ફરજ પડી હતી.દુકાનદારોમા પણ ભય ફેલાતાં પાણી છાંટીને તેમજ લાકડી ફટકારી છુટા પાડવાનો નિષ્ફળ પ્રયાસ કરાયો હતો. ત્યારે જ એક કૂતરાએ પણ પોતાની જાણે ''નૈતિક'' ફરજ નિભાવી હોય તેમ લડતા આખલાઓને છુટા પાડવા તેને ઈજા થશે તેની લગીરે પરવા કર્યા વિના એડી ચોટીનુ જોર લગાવ્યુ હતું. આ દ્રશ્ય જોઈને કેટલા કે ટીખળ પણ કરી હતી કે રખડતાં કૂતરા, ગાયો અને આખલા હવે સ્માર્ટ સીટીના નાગરિકો જ બની ગયા છે ને!કારણ કે નગર પાલિકાને રખડતા પશુ પકડવા કોઈ એજન્સી નથી મળતી.શરૂઆતમા એક એજન્સી મળી હતી. જેણે ૨૮ જેટલી ગાયો પકડી પરંતુ તેને કોઈ લેવા જ ન આવ્યું. ઉલટાનુ પાલિકાએ ગાયો રાખનાર સંસ્થાને ૭ લાખ રૂપિયાનું બીલ ચુકવવુ પડ્યુ હતુ ત્યારે આ સમસ્યા કેવી રીતે ઉકેલાશે તે હાલ કહેવુ અશક્ય છે.

## દાહોદ-ઈન્દોર હાઈવે ખંગેલા ગામ પાસેથી ટ્રકમાં લઈ જવાતો ૪૭.૪૮ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડતી LCB પોલીસ





દાહોદ,

દાહોદ જિલ્લા તાલુકાના ખંગેલા ગામેથી પસાર થતાં ઈન્દૌર–દાહોદ નેશનલ હાઈવે પરથી દાહોદ એલ.સી.બી. પોલીસે એક ટ્રકમાંથી રૂા. ૪૭,૪૮,૭૬૦ના વિદેશી દારૂના જથ્થા સાથે ટ્રકના ચાલકની અટકાયત કરી છે. પોલીસે વિદેશી દારૂ તથા ટ્રકની કિંમત મળી કુલ રૂા. ૭૭,૫૩,૭૬૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. ત્યારે બીજી તરફ આ પ્રોહીની બાતમી ગાંધીનગરની સ્ટેટ વીજીલન્સની ટીમ પણ મળી હતી અને સ્ટેટ વીજીલન્સની ટીમ પણ આ રેડ પાડવા ઘટના સ્થળે પહોંચી હતી, પરંતુ સ્ટેટ વીજીલન્સની ટીમની પહેલા તેમની નજરોની સામેજ દાહોદ એલ.સી.બી. પોલીસે પ્રથમ ટ્રકને વિદેશી દારૂના જથ્થા સાથે ઝડપી પાડી સ્ટેટ વીજીલન્સની ટીમના મોઢામાંથી કોળીયો છીનવી લીધો હોય તેવો માહોલ સર્જાયો હતો.

સ્ટેટ મોનિટરિંગ સેલનો કોળિયો એલ.સી.બી.એ ઝુટવ્યો હોય તેવો માહોલ આજે સર્જાયો હતો. અમૃતસરથી પોરબંદર તરફ વિદેશી દારૂ ભરીને જતી ટ્રકને મધ્યપ્રદેશ ગુજરાત બોર્ડર પર દાહોદ એલસીબી પોલીસે ઝડપી પડતા ગાંધીનગરની સ્ટેટ વીજીલન્સની ટીમ ખાલી હાથે પરત જવુ પડ્યું હતું. પંજાબ અમૃતસર થી મધ્યપ્રદેશના રસ્તે દાહોદ થઈ જુનાગઢ પોરબંદર તરફ દેશી દારૂનો જથ્થો ભરીને ટ્રકને દાહોદ એલસીબી પોલીસે સ્ટેટ મોનિટરિંગ સેલની નજર સામે જ દાહોદ તાલુકાના ખંગેલા ગામેથી પસાર થતાં ઈન્દૌર–દાહોદ નેશનલ હાઈવે રોડ ઉપરથી સ્ટેટ મોનિટરિંગ સેલને ખાલી હાથે પરત ફરવું પડ્યું હતું. આજરોજ દાહોદ એલ.સી.બી. પોલીસને મળેલ બાતમીના આધારે ઉપરોક્ત સ્થળે વોચ ગોઠવી ઉભા હતા. તે સમયે ત્યાંથી બાતમીમાં દર્શાવેલ એક ટ્રક પસાર થતાં પોલીસ સાબદી બની હતી અને ટ્રક નજીક આવતાંની સાથેજ ટ્રકને ચારેય તરફથી ઘેલી લઈ ટ્રકના ચાલક મોહનલાલ ધીમારામ ઉર્ફે ધીમારામજી બિશ્નોઈ (રહે. હાલીવાવ, તા. ચીતલવાન, જિ. જાલોર, રાજસ્થાન) ની પોલીસે અટકાયત કરી હતી. પોલીસે ટ્રકમાંથી વિદેશી દારૂની ૯૫૯ પેટીઓ જેમાં બોટલો નંગ. ૧૧,૫૦૮ જેની કુલ કિંમત રૂા. ૪૭,૪૮,૭૬૦ અને ટ્રકની કિંમત મળી કુલ રૂા. ૭૭.૫૩.૭૬૦નો મુદ્દામાલ પોલીસે કબજે કરી ઉપરોક્ત ચાલક વિરૂધ્ધ દાહોદ એલ.સી.બી. પોલીસે પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દે.બારીયા સરકારી હોસ્પિટલમાં અંધેર વહિવટ સોનોગ્રાફી મશીન બંધ હાલતમાં


દે.બારીયા,

દે.બારીયા શહેર તથા તાલુકાના આસપાસ પંથકનો રજવાડી સમયનું હોસ્પિટલ વખણાયેલું હોસ્પિટલ છે. જે ૮૦ના દાયકા પહેલાથી જે ઓપરેશન મુંબઈ વિના થઈ શકતા ન હતા. તે ઓપરેશનો દે.બારીયા સરકારી હોસ્પિટલમાં થતા હતા. એ પણ વિના મુલ્યે હાલમાં ઓપરેશનો થાય છે પણ ખાનગી હોસ્પિટલનો અડધી રકમનો ખર્ચ કહો કે લેવડ દેવડ કહો વ્યવહાર તો કરવો પડે છે. એ પણ દવા બોટલ તથા બોટલની સાથે સાથે બધુ પેશન્ટને બજાર માંથી લાવવો પડે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર હાલમાં સરકારી હોસ્પિટલની નવિન બિલ્ડીંગ નવિનીકરણ સાથે નવા બેંક સાથે વધારો થયો તેમજ ડાયાલીસીસના ઉપકરણો ગતિશીલ સરકારે ઉપલબ્ધ કરાવ્યા છે. પરંતુ છેલ્લા કેટલા સમયથી સોનોગ્રાફી મશીન બંધ હાલતમાં છે. તે શા માટે તે યક્ષ પ્રશ્ન છે. જે પા ટાઈમ ડાકટર્સ નિયુકત કર્યા છે. તે પોતાના કલીનીક માટે સરકારી હોસ્પિટલ માંથી દર્દીઓ ખેંચી જવા માટે જ આવતા હોય છે. સરકારી હોસ્પિટલના સોનાગ્રાફી બંધ રાખવા પાછળ સોચી સમજી સાજીસ છે. તેવું આમ, જનતામાં ચર્ચાઈ રહ્યું છે. પા ટાઈમના ડાકટરો હોસ્પિટલમાં મોડા મોડા આવે છે. ક્યારે આવે છે અને કયારે જતા રહે છે. કોઈપણ કહેવામાં તૈયાર નથી. ફોગટનું ૧૦ થી ૧૫ હજાર સ્ટાઈપન્ડ ચુકવાય છે.

લાગતા વળગતા જીલ્લાના પદના અધિકારીઓ સંગ્યાન લેશે ખરાં કે પછી તેમનો પણ વ્યવહાર મોકલી દેવાતો હોય છે. તેથી તેઓ આંખ આડા કાન કરતા હોય છે. પા ટાઈમ ડાકટર્સ સરકારી પા ટાઈમનું વેતન પણ લઈ રહ્યા છે અને ગરીબ દર્દીઓને પોતાના કલીનીકમાં આવવા માટે મજબુર પણ કરી રહ્યા છે. સરકારી દવાખાનાનું સોનાગ્રાફી મશીન બંધ છે. તો તમારે મારા કલીનીકમાં આવી ચેક કરાવી જવું પડશે ના છુટકે દર્દીઓનો જવાનો વારો આવ્યો છે. શું ? સ્વાસ્થ્ય વિભાગ પણ ખાનગીકરણના રસ્તે જઈ રહ્યો છે કે શું ? તેવું આંમ, ગરીબ જનતા પુછી રહી છે.

## લીમખેડાના ખીરખાઈ (દેવ) ગામે કુવા માંથી મૃત હાલતમાં દિપડો મળતાં ચકચાર



દાહોદ,

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના ખીરખાઈ (દેવ) ગામેથી એક કુવામાંથી મૃત હાલતમાં દીપડો મળી આવતાં પંથકમાં ચકચાર મચી જવા પામી હતી. આ મામલે સ્થાનીક ફોરેસ્ટ ખાતાના કર્મચારીઓને જાણ થતાં ફોરેસ્ટ ખાતાના કર્મચારીઓ તાબડતોડ ઘટના સ્થળે દોડી ગયાં હતાં.

લીમખેડાના ખીરખાઈ (દેવધા) ગામે રહેતાં જોખનાભાઈ ડાંગીના કુવામાં ગામમાં રહેતાં એક મહિલા કુવામાં પાણી ભરવા જતાં હતા. તે સમયે કુવામાં નજર નાંખતાં એક વન્યપ્રાણી હોવાનું તેઓને માલુમ પડતાં આ મામલે તેઓને સ્થાનીક ગ્રામજનોને બોલાવ્યાં હતાં અને ગ્રામજનો દ્વારા કુવામાં નજર નાંખી તપાસ કરતાં દિપડો હોવાનું માલુમ પડ્યું હતું. ત્યારે દિપડો કંઈ હલન ચલન કરતો ન હોવાને કારણે ગ્રામજનોને શંકા ગઈ હતી અને જેને પગલે સ્થાનીક ફોરેસ્ટ ખાતાના કર્મચારીઓને જાણ કરવામાં આવતાં સ્થાનીક વન વિભાગના કર્મચારીઓ તાબડતોડ ઘટના સ્થળે દોડી ગયાં હતાં અને જ્યાં કુવામાં તપાસ કરતાં મૃત હાલતમાં દીપડો મળી આવ્યો હતો. મૃત દિપડાને કુવામાંથી બહાર કાઢવામાં આવ્યો હતો અને ફોરેસ્ટ ખાતાના અધિકારીઓ, ગામના સરપંચ તેમજ ગ્રામજનોની હાજરીમાં દિપડાના નજીકના જંગલ વિસ્તાર ખાતે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યાં હતાં.

## નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ માં વિદ્યાર્થી સંઘ દ્વારા "ફેસ્ટિવ વીક ૨૦૨૨-૨૩" નું આયોજન કરવામાં આવ્યું



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

તા.૧૧/૦૨/૨૩, દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદમાં વિદ્યાર્થી સંઘ દ્વારા તા. ૦૬ ફેબ્રુઆરી થી ૧૧ ફેબ્રુઆરી દરમિયાન ''ફેસ્ટિવ વીક ૨૦૨૨–૨૩''નું આયોજન કરવામાં આવેલ હતું.

''ફેસ્ટિવ વીક''ની ઉજવણીના ભાગરૂપે ટ્વિન્સ ડે, મિસમેચ ડે, ગ્રૂપ ડે, ટ્રેડિશનલ ડે, બોલિવૂડ ડે અને સિગનેચર ડે જેવા વિવિધ–ડેનું આયોજન કરવામાં આવેલ હતું. આ ઉજવણી દરમ્યાન વિવિધ રમતો જેવી કે રેંમ્પ વોક, એક મિનિટ, સંગીત ખુરશી, રસ્સા ખેંચ તેમજ ગરબાનું આયોજન પણ વિદ્યાર્થીઓ માટે કરવામાં આવેલ હતું. આ ઉજવણી માં વિદ્યાર્થીઓ અને સ્ટાફ સભ્યો એ ભાગ લઈ વિદ્યાર્થીઓના ઉત્સાહમાં વધારો કરેલ હતો. આ ''ફેસ્ટિવ વીક ૨૦૨૨–૨૩''ની ઉજવણીમાં કોલેજના કાર્યકારી આચાર્ય ડૉ. જી.જે.ખરાદી વિદ્યાર્થી સંઘના પ્રમુખઓ ડૉ. આર.આર.પટેલ, ડૉ. વી.જે. ચૈહાણ અને ડો. એચ.આર.ડાભીના નેતૃત્વમાં વિદ્યાર્થી સંઘના હોદ્દેદારો દ્વારા કરવામાં આવેલ હતું. જેમાં તમામ હોદ્દેદારો અને અન્ય વિદ્યાર્થીઓએ ખૂબજ પ્રશંસનીય કામગીરી કરેલ છે.

## તો ટેસડો પડી જાય હો...કે....



જીજ્ઞા કપુરીયા (નિયતી)

મિત્રો, શિયાળો એટલે શકિતનો સંચાર. એની સવાર તો માનવજાત માટે વરદાનરૂપ તો હોય છે પણ એની સાથે તાજગી અને સ્ફૂર્તિનો સંદેશો અર્પીને જીવન ઉમંગ અને ઉલ્લાસથી ભરી દે છે. તો ચાલો માણીએ હેમંત અને અષાઢી વાયરામાં ગામડાનાં જીવનનું અલકમલકનું સંભારણું આ નિયતીની કલમે.

તો ટેસડો પડી જાય હો..કે..

હેમંતની કડકડતી ટાઢમાં મહિડા
વલોવાતાં હોયને;
ઘમ્મર વલોણાં ગાંજી ઊઠતાં હોયને,
'દૂધ અને ગોરસ લ્યો'નાં પોકાર હારે,
મહીયારણો શેરીએ શેરી ઘૂમતી હોય.
ભાભાઓ તાપણાં ફરતે બેસીને વાતો કરતાં બીડીઓ ફૂંકતા હોયને,
તો ટેસડો પડી જાય હો...કે...

સીમમાં ખેડૂતો હારે બેસીને બપોરા કરતાં હોયને;
એમાંય તે બાજરાનો રોટલો ને,
મહી ગોરસનો લોંદો હોય,
રીંગણનો ઓરો ને લહણની ચટણી હોય,
હારે દેગડી ભરીને છાશ હોય,
તો ટેસડો પડી જાય હો...કે..

જ્યાં માવઠાંની મજા હારે માટીની મહેક હોય;
આંબા ડાળે કોયલ ને ટોંડલે મોર ટહુકતો હોય,
નીલગગનની શોભા અને ઉત્સાહમાં પક્ષીનો કલરવ હોય,
લીલાછમ શાક બજારમાં ઠલવાયાં હોયને,
તો ટેસડો પડી જાય હો....કે...

ગરમાગરમ પોંક ઉંધિયાની લહેજત હોયને;
હારે જલેબી ને અડદિયાપાક હોય,
ભતવારી પણ ભાતા હારે ગીતોથી સીમને ગજવતી હોયને,
તો ટેસડો પડી જાય હો....કે..

અષાઢી ઋતુ હોયને;
ધરતીએ લીલુ પાનેતર પહેર્યું હોય,
વાડીએ ભેળાં ભાઈબંધ હોયને,
સીમમાં ડાયરાની રમઝટ હોયને,
કસુંબો ઘોળયો હોયને,
તો ટેસડો પડી જાય હો...કે...

ખરેખર મિત્રો, આવું વાતાવરણ જો ખરેખર માણવા મળે, તો ટેસડો પડે,
પડે ને પડેજ.
શું કહો છો તમે?

## લીમખેડાના ઝરોલા(દુ) પ્રા.શાળા ખાતે BRCની અધ્યક્ષતામાં સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો



લીમખેડા,

તારીખ ૧૩/૨/૨૦૨૩ ને સોમવારના રોજ ઝરોલા (દુ.) પ્રાથમિક શાળા ખાતે લીમખેડા તાલુકાના બી.આર. સી. કો. ઋષિભાઈ સલાણીયાના અદયક્ષ સ્થાને સાંસ્કૃતિક કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું. જેમાં બાળકોએ પ્રાર્થના, સ્વાગત ગીત, રાસ, ગરબા, વ્યસન મુક્તિ નાટક, શિક્ષણનું મહત્વસમજાવતું નાટક, કવ્વાલી વગેરે ખુબજ સરસ કૃતિઓની રજૂઆત કરી. જેમાં આજુબાજુની ઝરોલા દુ. વર્ગશાળા, ધાનપુર પાટડી, મુખ્ય તથા વર્ગ પ્રા. શાળા, નિનામાની વાવ પ્રા. શાળા વગેરેના મુખ્યશિક્ષકઓએ હાજર રહી બાળકોને ઉત્સાહ પૂરો પાડ્યો. આ કાર્યક્રમ સાથે નિનામાની વાવ પ્રા. શાળાના બાળકોએ ટ્રીનિંગ કાર્યક્રમ અંતર્ગત ઝરોલા દુ. શાળાની મુલાકાત કરી હતી. કાર્યક્રમમાં ગામ માંથી મોટી સંખ્યામાં વાલીઓ વડીલો હાજર રહ્યા હતાં. શાળામાં તમામ હાજર રહેલાં ગ્રામજનો માટે તથા બાળકો માટે શાળા તરફથી ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે શાળાના આચાર્ય બાબુભાઈ ચૌહાણે તમામનો આભાર વ્યક્ત કરી કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

## વડોદરામાં ૧૦ કરોડના ખર્ચે બનેલો ફૂટ ઓવર બ્રિજ સડી ગયો? ઉપયોગ કરવા પર લગાવાયો પ્રતિબંધ

વડોદરા,

પાછલા વર્ષે દિવાળીના તહેવારો દરમિયાન મોરબીનો ઝૂલતો પુલ તૂટી પડવાની ઘટનામાં ૧૦૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યો હતો. ત્યારે હવે વડોદરામાં બ્રિજના લીધે કોઈ દુર્ઘટના ના સર્જાય તે માટે અહીં બનેલા ફૂટ ઓવર બ્રિજના ઉપયોગ પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. આ બ્રિજ જર્જરિત થઈ ગયો છે તો તેનો ઉપયોગ ના કરવા માટે નોટિસ લગાવવામાં આવી છે, પરંતુ તેને ઉતારી લેવામાં કેમ નથી આવતો તેવા સવાલો પણ ઉઠાવવામાં આવી રહ્યા છે.

વડોદરા શહેરનો આ પહેલો ફૂટ ઓવર બ્રિજ છે. જેને બનાવવા માટે વર્ષ ૨૦૧૦માં અંદાજીત ૧૦ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવ્યો હતો. વડોદરા કોર્પોરેશન દ્વારા કડક બજાર માર્કેટ અને સિટી બસ સ્ટેન્ડને જોડતા બ્રિજનો ઉપયોગ ટાળવા માટે નોટિસ લગાવવામાં આવી છે. ફૂટ ઓવર બ્રિજ જર્જરિત થઈ ગયો હોવાથી આ નોટિસ લગાવવામાં આવી છે.

## ઝાલોદ એસ.બી.આઈ. બ્રાન્ચની કૃષિ લોન કૌભાંડની તપાસ શરૂ થતાં કૌભાંડીઓમાં ફફડાટ

ઝાલોદ,

ઝાલોદની એસબીઆઈ મુખ્ય બ્રાન્ચની કૃષિ લોન કૌભાંડ સામે આવતા ચકચાર મચી જવા પામી હતી. ત્યારે પોલીસે કૃષિ લોન કૌભાંડમાં તપાસનો ધમધમાટ શરૂ કરી બેંકમાં લોન માટેના કાગળોની તપાસ કરવામાં આવી હતી. ત્યારે પોલીસે તપાસ શરૂ કરતા કૌભાંડીઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો. ઝાલોદની એસબીઆઈ મુખ્ય બ્રાન્ચમાં કૃષિ લોન કૌભાંડ સામે આવતા ચકચાર મચી જવા પામી હતી. ત્યારે પોલીસે ખેડુતોની ફરિયાદ અરજીના આધારે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. હાલમાં ભોગ બનેલા ખેડુતોની પોલીસ દ્વારા અરજીના આધારે તપાસ કરવામાં આવતી હોવાનુ જાણવા મળી રહ્યુ છે. ઝાલોદ તાલુકાના ધાવડિયાના પાંચ ખેડુત લાભાર્થીઓએ લોન લીધી ન હોવા છતાં પણ ભરપાઈ કરવાની નોટિસ મળતા કૌભાંડનો ભાંડો ફુટયો હતો. ત્યારે લોક અદાલત દરમિયાન જે ખેડુત લાભાર્થીએ સ્ટેટ બેંકમાંથી ૧૦ હજારનુ ધિરાણ મેળવેલ હતુ તેઓને પણ એક લાખથી વધુની ભરપાઈ કરવાની નોટિસ મળતા તાલુકા પંથકમાં આ મુદ્દે ભારે ખળભળાટ મચ્યો હતો. પોલીસ દ્વારા કૌભાંડ મામલે બેંક મેનેજરની પુછપરછ કરવામાં આવી હતી. સાથે આમાં સંકળાયેલા તમામની ઝીણવટભરી તપાસ પોલીસ દ્વારા કરાઈ હતી. હાલ તો પોલીસ કઈ દિશામાં તપાસ કરીને આ કૌભાંડનો પર્દાફાશ કરે છે તે જોવાનુ રહેશે.આ બનાવથી દાહોદ જિલ્લામાં ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે.તપાસમાં લાખો રૂપિયાનુ કૌભાંડ બહાર આવે તેમ છે. આ કૌભાંડમાં સંડોવાયેલા ફિલ્ડ ઓફિસર રાજેન્દ્ર ડાભીની બદલી થઈ ગયેલ છે. હાલ તેઓ સુરેન્દ્રનગર સ્ટેટ બેંકમાં ફરજ બજાવતા હોવાનુ જાણવા મળેલ છે.

## ઝાલોદ તાલુકામાં સ્પર્શ લેપ્રસી અવેરનેસ અંતર્ગત ભવાઈ કાર્યક્રમ યોજાયો



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

ઝાલોદ ખાતે સ્પર્શ લેપ્રસી એટલે કે, રકત પિત્ત અંગેની જનજાગૃતિ અભિયાન ૨૦૨૩ અંતર્ગત તાલુકા હેલ્થ ઓફિસર ડી.કે.પાંડે, THS સંગાડા સુક્રમભાઈ, THV લતાબેન નિસરતા તથા તાલુકા રકતપિત સુપરવાઈઝર ડાંગી પ્રદીપકુમાર, ધ્રુમિલકુમાર ખાંગુડા, ચરપોટા અર્પિતભાઈ અને અર્બન હેલ્થ સેન્ટર ઝાલોદના કર્મચારીઓ પંચાલ મનીષભાઈ, ચિરાગભાઈ ગરાસિયા RBSK ડો. પ્રિતેશ દ્વારા રક્તપિત અંગે ભવાઈ નાટક દ્વારા રોગ વિશે સમજણ અપાઈ હતી. જેમાં ભવાઈ દ્વારા જય શ્રી બ્રહ્માણી કલામંડલના મૂળજીભાઈ દ્વારા રકતપિત રોગ વિશે જનજાગૃતિ અંગે સંદેશો આપ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમ જિલ્લા રકતપિત અધિકારી ડોકટર આર.ડી. પહાડિયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યો હતો.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.148

# શહેરા કેશવ ગ્રાઉન્ડ ખાતે વિધાનસભા ઉપાધ્યક્ષની અધ્યક્ષતામાં કૃષિ મેળો યોજાયો



તસ્વીર : તુષાર દરજી, શહેરા



શહેરા, શહેરા ખાતે આવેલા કેશવ ગ્રાઉન્ડ ખાતે વિધાનસભા ગૃહના ઉપાધ્યક્ષ જેઠાભાઈ ભરવાડની અધ્યક્ષતામાં કૃષિમેળો યોજાયો હતો. ધારાસભ્ય અને વિધાનસભા ઉપાધ્યક્ષ જેઠાભાઈ ભરવાડ અને કાલોલ ના ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ તેમજ જિલ્લા પંચાયત સદસ્ય કિરણસિંહ બારીયા ના હસ્તે દિપપ્રાગટ્ય કરીને ખુલ્લુ મુકાયો હતો. કૃષિ પ્રદર્શન અંતર્ગત ખેતીવાડી વિભાગ તેમજ અન્ય કૃષિસંસ્થાઓ દ્વારા લગાવાયેલ સ્ટોલોનું ખેડૂતો દ્વારા મુલાકાત કરવામાં આવી હતી.

જૂનો પંચમહાલ જિલ્લો પહેલાના સમયમાં બંટી, બાવટો, જુવાર વિગેરે ખેતી માટે પ્રખ્યાત હતો અને તેનો વપરાશ પણ બહોળા પ્રમાણમાં કરવામાં આવતો હતો, પરંતુ સમાયંતરે આ ખેતી ભુલાવા લાગી અને ખેડૂતો રાસાયણિક ખેતી તરફ વળ્યા હતા. ત્યારે નેશનલ ફૂડ સિક્યોરિટી મિશન (ન્યુટ્રી સિરિયલ) અને એ.જી.આર.- ૩ યોજના અંતર્ગત ખેડૂતોમાં જાગૃતિ લાવવાના આશયથી આધુનિક કૃષિ તાંત્રિકતા અને નવીનત્તમ સંશોધનનની માહિતી માટે જિલ્લા કક્ષાના કૃષિ મેળાનું આયોજન શહેરા ખાતે કેશવ ગ્રાઉન્ડ ખાતે રાખવામાં આવ્યું હતું. જેમાં શહેરાના ધારાસભ્ય અને વિધાનસભા ઉપાધ્યક્ષ જેઠાભાઈ ભરવાડની અધ્યક્ષતામાં કાલોલના ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણની ઉપસ્થિતિમાં દિપપ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. આમંત્રિત મહેમાનોનું સ્વાગત બાદ વૈજ્ઞાનિક વિનુભાઈ પટેલે આધુનિક ખેતીને અનુલક્ષી હાજર ખેડૂતોને ઉપયોગી માર્ગદર્શન સાથે આર્થિક સ્થિતિમાં સુધાર માટેની સમજ આપી હતી. ત્યારબાદ કાલોલના ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણે પોતાની રમૂજી શૈલીમાં ખેડૂતોને રાસાયણિક ખેતીની જગ્યાએ છાણીયા ખાતર વડે ખેતી કરવા માટે અને બરછટ ધાન્ય જેવા કે બંટો, બાવટો, બાજરી, જુવાર,રાગની વિગેરેની ખેતી કરવાની અને એજ ધાન્યનો રોજિંદા ખોરાકમાં ઉપયોગ કરવા માટેની સમજ આપી હતી. જેના થકી રોગોને નાથી શકાય અને જે દવાખાનામાં ભીડ જોવા મળે છે. તેમાં ઘટાડો નોંધાય. કાર્યક્રમના અંતમાં કાર્યક્રમના અધ્યક્ષ જેઠાભાઈ ભરવાડે ઓર્ગેનિક ખેતી તરફ ખેડૂતો આકર્ષાય અને તેની ખેતી કરે એના પર ભાર મુક્યો હતો, સાથે જ પંચમહાલ ડેરી જિલ્લામાં દરેક જગ્યાએ ઓર્ગેનિક ખેતીને પ્રાધાન્ય મળી રહે માટે ખેડૂતોના નામની નોંધણી કરવાની અને ઓર્ગેનિક ધાન્ય જે પેદા થાય એને ખરીદવાની તૈયારી બતાવી હતી. તેઓએ પણ છાણીયા ખાતરથી ખેતી કરવા માટે જેથી જમીનની ફળદ્રુપતા જળવાઈ રહેવાની અને સારી ખેતીની આવક અને સારી ખેતીની આવક એટલે આર્થિક રીતે વધુ ફાયદો આંમ પ્રવર્તમાન સમયમાં લોકો છાણીયા ખાતર અને બરછટ ધાન્ય કે જે સાવ ભુલાઈ ગયું છે. લોકો તે તરફ આકર્ષિત થાય અને તેનો પાક કરે એ માટે વિનંતી કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પંચમહાલ જિલ્લા ખેતીવાડી શાખા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ભાજપના પદાધિકારીઓ, ખેતીવાડી અધિકારી સહિત ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે આ કાર્યક્રમની આભારવિધિ કે.પી.ડાભી મદદનીશ ખેતી નિયામક દ્વારા કરવામાં આવી હતી.

## પંચમહાલ જીલ્લા સહિત ગોધરામાં બુલેટમાં ગેરકાયદેસર મોડીફાઈડ સાઈલેન્સર દ્વારા ધ્વની પ્રદુષણને રોકી ચાલકો સામે કાર્યવાહી કરવા માટે પોલીસવડાને લેખિત રજુઆત

ગોધરા, પંચમહાલ જીલ્લા સહિત ગોધરામાં જાહેર માર્ગો ઉપર ગીચ વિસ્તારો, હોસ્પિટલો, પ્રા.શાળાઓ આવેલ હોય ત્યાં મોટર સાયકલ બુલેટ ચાલક નબીરાઓ ગેરકાયદેસર રીતે ડુપ્લીકેટ મોટા અવાજવાળા સાઈલેન્સર ફીટ કરી ફટાકડા ફોડીને ધ્વનિ પ્રદુષણ સાથે પસાર થઈ રાહદારીઓના જીવને જોખમમાં મુકતા હોય તેવા બુલેટ ચાલકો ધ્વનિ પ્રદુષણ કરતાં રોકવા પોલીસ દ્વારા કાર્યવાહી થાય તેવી માંગ સાથે જીલ્લા પોલીસવડાને લેખિત રજુઆત કરી.

પંચમહાલ જીલ્લા સહિત ગોધરામાં જાહેર માર્ગો તેમજ ગીચ વિસ્તારો, દવાખાનાઓ, હોસ્પિટલો, પ્રા.શાળાઓ, મંદિરો, મસ્જીદો ધરાવતા વિસ્તારોમાં મોટર સાયકલ બુલેટ રસીયાઓ બુલેટમાં ગેરકાયદેસર ડુપ્લીકેટ મોટા અવાજવાળા સાઈલેન્સર ફીટ કરી નંબર પ્લેટ વગરના બુલેટમાં ફટાકડા ફોડીને ધ્વની પ્રદુષણ ફેલાવતા હોય છે. ગોધરા શહેરમાં ગેરકાયદેસર મોડીફાઈડ મોટા અવાજવાળા સાઈલેન્સર ફીટ કરી જાહેર માર્ગો ઉપર પોતે તેમજ રાહદારીઓના જીવને જોખમમાં મુકીને બેફામ બુલેટ હંકારતા હોય છે. રોડ સાઈડમાં ચાલતા રાહદારી પાસેથી પસાર થતા બુલેટના અવાજથી રાહદારી ગભરાઈ જવાથી અકસ્માત થવાની શકયતા પણ નકારી શકાતી નથી. શહેર અને જીલ્લામાં ગેરકાયદેસર રીતે મોડીફાઈડ મોટા અવાજવાળા સાઈલેન્સરવાળા વાહનો ઉપર લગામ લગાવી જરૂરી છે. કોઈ પણ જાતના નીતિ નિયમોનું પાલન નહિ કરી નંબર પ્લેટ વગર જાહેર માર્ગો ઉપર ધ્વનિ પ્રદુષણ અને લોકોના જીવને જોખમમાં મુકતા બુલેટ મોટર સાયકલ સામે દંડનીય અને કાયદેસર કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ સાથે પંચમહાલ જીલ્લા પોલીસવડાને જાગૃત નાગરિક અને એડવોકેટ આર.વાય.જુજારા દ્વારા લેખિત રજુઆત કરાઈ છે.

## કૃભકો દ્વારા એનિમલ હેલ્થ કેમ્પ અને હ્યુમન હેલ્થ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું



તસ્વીર : હિમાંશુ પંડ્યા, નદીસર

નદીસર, પંચમહાલ જિલ્લામાં દતક ગ્રામ યોજના અંતર્ગત નદીસર (નવા) ગામ ખાતે ધી ખોડીયાર દૂધ ઉત્પાદક સ.મ.લી.ના સહયોગ થી પશુ નિદાન કેમ્પ યોજવામાં આવ્યું. જેમાં કાર્યકમનાં અધ્યક્ષ અશ્વિનભાઈ પટેલ આર.જી.બી કૃભકો - નવી દિલ્હી, કાર્યકમમાં ઉદઘાટક રમેશભાઈ માછી અતિથિ વિશેષ દિલીપભાઈ પટેલ, સિનિયર એરિયા મેનેજર મુકેશભાઈ ગોધસરા હાજર રહ્યા હતા.

પશુ દવાખાનાના ડોકટર એન.એમ.ગોસાઈ દ્વારા મોટી સંખ્યામાં પશુ ધનનો ચેક એપ કરવામાં આવ્યું હતું અને જરૂરીયાતવાળા પશુઓની સ્થળ ઉપર સારવાર કરવામાં આવી હતી. આ ઉપરાત કૃભકો દ્વારા કે.એમ.મહેતા સાર્વજનિક હાઈસ્કુલ મોરવા રેના ખાતે શાળાના બાળકોની આંખની તપાસ, આંખના નંબર સહિત મેડિકલ ચેકઅપ કરવામાં આવેલ. જેમાં અશ્વિનભાઈ પટેલ પ્રમુખ, મોરવા રેના અર્થક્ષ સેવા સહકારી મંડળી લી.કાર્યકમના અધ્યક્ષ શાળાના આચાર્ય નરેશભાઈ પટેલ, શહેર તાલુકા હેલ્થ ઓફિસર ગઢવી અને ટી.એચ.ઓ. ઓફિસ શહેરા અને શાળા તરફથી હેલ્થ કેમ્પ માટે તમામ સુવિધા ઊભી કરવામાં આવી હતી. જેડ.એ.બાધી, ફિલ્ડ ઓફિસર કૃભકો દ્વારા બન્ને કાર્યકમનું સુંદર આયોજન અને સંચાલન કરવામાં આવ્યું. જેનો લાભ તમામ પશુપાલકો અને બાળકોએ મેળવેલ હતો.

## હાલોલ ખોડિયાર નગર ખાતે વોટર પ્લાન્ટ માલિકને ત્યાં દરોડા પાડી શંકાસ્પદ ડ્રગ્સના જથ્થા સાથે એક ઈસમને SOGએ ઝડપ્યો

હાલોલ, હાલોલના ખોડિયાર નગર ખાતે પંચમહાલ એસઓજી અને હાલોલ સ્થાનિક પોલીસની ટીમે વોટર પ્લાન્ટના માલિકને ત્યાં દરોડા પાડી શંકાસ્પદ ડ્રગ્સના જથ્થા સાથે એક શકમંદ રમેશભાઈ કાગસીયાની અટકાયત કરી આશરે ૪૦૦ ગ્રામ જેટલો સફેદ પાવડરનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે ઝડપાયેલ શંકાસ્પદ સફેદ પાવડરનો જથ્થો નશીલો ડ્રગ્સ છે કે નહિ તે જાણવા પોલીસે એફએસએલની એક ટીમ બોલાવી તેના પૃથકકરણની કામગીરી કરી હતી. આખરે ઝડપાયેલા સફેદ પાવડરનો જથ્થો પ્રાથમિક તબક્કે એમ.ડી.ડ્રગ્સ ન હોવાનુ પોલીસે જણાવ્યુ હતુ. બે દિવસ પહેલા વડોદરા એસઓજી પોલીસે હાલોલ બસ સ્ટેન્ડ પાસે રહેતો મોહનલાલ માંગીલાલ લુહાર નામનો ઈસમ એમડી ડ્રગ્સનો જથ્થો લઈ વડોદરા ખાતે આવી ગોલ્ડન ચોકડી પાસેથી પકડી પાડ્યો હતો. પોલીસે મોહનલાલ લુહાર(રહે.ખોડિયાર નગર)ને ૧૨,૫૯,૯૦૦/-ની કિંમતના ૧૨૫.૯૯ ગ્રામ એમ.ડી.ડ્રગ્સના પાવડરના જથ્થા સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસે હાલોલના આરોપી મોહનલાલ સહિત માદક પદાર્થના સપ્લાયર માંગીલાલ પાટીદાર નામના ઈસમ (રહે.મંદસૌર)નાઓ વિરુદ્ધ માદક પદાર્થ તેમજ એમડી ડ્રગ્સનો જથ્થો વેચાણમાં એકબીજાની મદદગારી કરી હોવાથી ગુનો દાખલ કરી ડ્રગ્સ મોકલેલ અજાણ્યા ઈસમને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો હતો.

## કોમર્સ કોલેજ ગોધરાના એન.એસ.એસ. દ્વારા થેલેસેમિયા ચેક અપ કેમ્પ યોજાયો



ગોધરા, સાર્વજનિક કોમર્સ કોલેજ ગોધરાના એનએસએસ એકમ દ્વારા કોમર્સ કોલેજ ગોધરા ખાતે પ્રથમ વર્ષ બીકોમમાં અભ્યાસ કરતા ૨૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓનો થેલેસેમિયા ચેકઅપ કેમ્પ કોલેજોના સદાબા હોલ ખાતે યોજાઈ ગયો. આ કેમ્પના પ્રારંભમાં કોમર્સ કોલેજ ગોધરાના પ્રિન્સિપાલ અને એન એસ એસ ના પ્રોગ્રામ ઓફિસર ડોક્ટર અરૂણસિંહ સોલંકી દ્વારા થેલેસેમિયા શું છે? અને શા માટે આ કેમ્પ જરૂરી છે? એની માહિતી આપી હતી અને વિદ્યાર્થીઓને થેલેસેમિયા બાબતે સંપૂર્ણ જાણકારી આપ્યા બાદ રેડ ક્રોસ સોસાયટી સ્ટેટ બ્રાન્ચ અમદાવાદ તરફથી આવેલા ત્રણ મહાનુભાવોની ઉપસ્થિતિમાં કેમ્પ કરવામાં આવ્યો હતો. જેમાં ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ આ કેમ્પનો લાભ લીધો હતો. કેમ્પનું સંપૂર્ણ સંચાલન બીકોમના વિદ્યાર્થી નિતેશ સમતાણી, લખન સામિયાણી, જય પારીંગ, રૂદ્ર પારીંગ, હર્ષિતા ખીમાણી, ખુશી પટેલ સહિતના એનએસએસના સ્વયંસેવક ભાઈ-બહેનોએ સફળતાપૂર્વક પૂર્ણ કરી હતી. કેમ્પની ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના એનએસએસ કોડીનેટર ડોક્ટર નરસિંહભાઈ પટેલ તથા કોલેજ સંચાલક મંડળના પ્રમુખ ગોપાલસિંહ સોલંકી અને સેક્રેટરી તેમજ પ્રમુખ જિલ્લા પંચાયત પંચમહાલના કુમારી કામિનીબેન ગોપાલસિંહ સોલંકી શુભેચ્છા પાઠવેલ છે.

## ગોદલી ગામે દીપડાએ પશુ પર હુમલો કરી એક પશુનું મારણ કર્યું


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા, ઘોઘંબા પંથકમાં અવાર નવાર દીપડો હુમલો કર્યા ની વિગતો સામે આવતી હતી. ત્યારે કેટલાક દીપડાને ફોરેસ્ટ વિભાગ દ્વારા પાંજરે પુરવામાં આવ્યા હતા, પરંતુ આજે ગોદલી માં દીપડાએ પશુ પર હુમલો કર્યાની ઘટના સામે આવી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકાના ગોદલી ગામના ડુંગરી ફળિયામાં રહેતા પંકજભાઈ ખુમાનભાઈ રાઠવાના ઘરે રાત્રીના ત્રણ ચાર વાગ્યાના અરસામાં ઘરના પરિવાર જનો મીઠી ઊંઘ માણી રહ્યા હતા. તે દરમિયાન અચાનક જ બળદ અને ભેંસ બાંધેલા હતા. ત્યાં દીપડાએ પાડા પર તરાપ લગાવી ઘાતંકી હુમલો કરી પાડાનું મારણ કર્યું હતું અને નજીક બાંધેલા બળદને નાની મોટી ઈજાઓ પહોંચાડી હતી અને તુરંત ઘરના સભ્યો જાગી જતા બુમાબુમ થતા દીપડો ખેતર તરફ ભાગી જઈ પલાયન થઈ ગયો હતો અને આ વાત વાયુવેગે પંથકમાં ફેલાતા સમગ્ર વિસ્તારમાં ફફડાટ મચ્યો છે. અગાઉ પણ ખુંખાર દીપડો ઘોઘંબા પંથકમાં આંતક મચાવી કેટલાક માસૂમ બાળકોનો જીવ લઈ ચુક્યો છે. ત્યારે તેનો આંતક હજુ પણ યથાવત હોય તેમ લાગી રહ્યું છે.

## ગોધરા મજુર અદાલત ખાતે યોજાયેલ લોકમેળા મુકવામાં આવેલ ૧૪૯ કેસો માંથી ૧૪૬ કેસોનો નિકાલ

ગોધરા, પંચમહાલ જિલ્લા લેબર લોજ પ્રેક્ટિસ એસોસિએશનના પ્રમુખ એ.એસ.ભોઈ એક અખબારી યાદીમાં જણાવે છે કે, પંચમહાલ જિલ્લામાં ગોધરા ખાતે આવેલ મજૂર અદાલતમાં તારીખ ૧૧/૨/૨૩ ના રોજ ન્યુ દિલ્હી રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ નાલસાના આદેશથી તેમજ ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ અમદાવાદ ઔદ્યોગિક ન્યાય પંચના માર્ગદર્શન હેઠળ ગોધરા મજુર અદાલતના ન્યાયાધીશ હિતેશકુમાર એ.મકાની સીધી દેખરેખ હેઠળ લોક અદાલત આયોજન કરવામાં આવેલ. જેમાં ઔદ્યોગિક વિવાદ ધારા હેઠળના કુલ ૧૩૬ મૂકવામાં તેમજ ૧૦ જેટલા ક્રિમિનલ કેસ મૂકવામાં આવતા કુલ૧૪૬ કેસોનો નિકાલ કરવામાં આવેલ છે. જે પૈકી આઈડી એક્ટના ૧૩૬ કેસોમાં રૂપિયા ૩૮,૩૦,૨૧૫ તથા૧૦ ક્રિમિનલ કેસમાં રૂપિયા ૧,૨૭,૦૦૦ દંડ વસૂલ કરવામાં આવેલ લોક અદાલત ને સફળ બનાવવા માટે પંચમહાલ જિલ્લા લેબર લોઝ પ્રેક્ટિસનર્સ એસોસિયેશનના અદયક્ષ જે.કે.વેદ, મંત્રી અરવિંદભાઈ પરમાર, સહમંત્રી ટી.બી.પરમાર તેમજ એડવોકેટ સતીષ.એ. ભોઈ, વૈભવ આઈ. ભોઈ અને લેબરકોટ ગોધરાના અધિક્ષક તેમજ તમામ સ્ટાફના કર્મચારી ભાઈ-બહેનોએ ખડે પગે રહી આ લોક અદાલત સફળ બનાવી છે. ન જીત કે ન હાર નું સૂત્ર સફળ બનાવેલ છે.

## શહેરાના વાઘજીપુર ગામે બાઈકને અડફેટે ૮૦ વર્ષીય વૃધ્ધાનું મોત

શહેરા, શહેરા તાલુકાના વાઘજીપુર ગામે પેટ્રોલ પંપ સામે રોડ ઉપર બાઈક ચાલકે પુરઝડપે બાઈક ચલાવી રોડ ક્રોસ કરતાં ૮૦ વર્ષીય વૃધ્ધાને અડફેટમાં લઈ ગંભીર ઈજાઓ પહોંચાડતા હોસ્પિટલ પહોંચેને પહેલા વૃધ્ધાનું મોત જ્યારે બાઈક ચાલકને પાછળ બેઠેલ વ્યક્તિને પણ ઈજાઓ થવા પામી. પ્રાપ્ત વિગતો પ્રમાણે શહેરા તાલુકાના વાઘજીપુરા ગામે પેટ્રોલ પંપ સામે રોડ ઉપરથી પસાર થતી બાઈક નં.જીજે.૧૭.એપી. ૩૮૫૦ના ચાલકે પોતાનું બાઈક પુરઝડપે હંકારી લાવી રોડ ક્રોસ કરતા ગલીબેન રૂપાભાઈ બારીયા ઉ.વ.૮૦ને અડફેટમાં લઈ શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડતા ૧૦૮ મારફતે હોસ્પિટલમાં લઈ જતાં રસ્તામાં મોત નિપજાવા પામ્યું હતું. જ્યારે બાઈક ચાલક અને પાછળ વ્યકિતને નાની મોટી ઈજાઓ પહોંચાડી ગુન્હા કર્યાની ફરિયાદ શહેરા પોલીસ મથકે નોંધાવા પામી છે.

## GSNP પ્લસ એ EMTCT કાર્યક્રમ હેઠળ દરેક જિલ્લામાં જેટલી પણ સગર્ભા બહેનો નવી રજીસ્ટર થાય તે માટે કાર્યક્રમ યોજાયો

ગોધરા, જી.એસ.એન.પી. પ્લસએ ગુજરાત રાજયનું એચ.આઈ.વી. સાથે જીવતા લોકોનું સામુદાયિક સંગઠન છે. જેની સ્થાપના ૬ ફેબ્રુઆરી ૨૦૦૩માં થઈ હતી. જેને આજે ૨૦ વર્ષ પૂર્ણ થઈ ૨૧માં વર્ષમાં પ્રવેશ કરશે, જે અતર્ગત ગ્લોબલ ફંડ દ્વારા અનુદાનિત અને NACO અને SAATHII દ્વારા સ્વેતના EMTCT (Elimination of Mother To Child Transmission of HIV and Syphilis) Phase-III કાર્યક્રમ હેઠળ દરેક જિલ્લામાં જેટલી પણ સગર્ભા બહેનો નવી રજીસ્ટર થાય છે. તેનું HIV અને Syphiliનો ટેસ્ટ ફરજીયાત પણે અને જે સગર્ભા એચ.આઈ.વી. પોઝીટીવ તરીકે ઓળખ થાય. તે સગર્ભા મહિલાઓ દ્વારા જન્મનાર નવજાત શિશુમાં એચ.આઈ.વી.નું સંક્રમણ ન થાય તેના અટકાવરૂપ કામગીરી સાથોસાથ સગર્ભાને આનુસંગિક આરોગ્યલક્ષી સેવાઓ અને અન્ય સરકારી યોજનાઓ સાથે જોડવા માટે કડીરૂપ કામગીરી કરવામાં આવે છે.

ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી (GSACS)ના સહયોગથી NACP-V પ્રોગ્રામ અંતર્ગત જી.એસ.એન.પી. પ્લસ દ્વારા ચાલતા અને જિલ્લા કક્ષા એ ડિસ્ટ્રિક્ટ એઈડ્સ પ્રિવેન્સન કંટ્રોલ યુનિટ (DAPCU) ના દેખરેખ હેઠળ પી.પી.ટી.સી.ટી. અને સ્વેતના પ્રોગ્રામની કામગીરી થાય છે. જેમાં એચ.આઇ.વી.પોઝીટીવ સગર્ભા મહિલાની ઓળખ થાય પછી પી.પી.ટી.સી.ટી. માં નોંધણી થી લઈ પ્રસૂતિ સુધી અને ત્યારબાદ બાળક ૧૮ માસનું થાય ત્યાં સુધી તેમને તમામ સેવા પૂરી પાડવામાં આવે છે. એચ.આઇ.વી. ચેપગ્રસ્ત સગર્ભા માતા અને બાળકનું સ્વેતના પ્રોજેકટ અંતર્ગત ફોલોઅપ લઈ પી.પી.ટી.સી.ટી.ની સેવાઓ અપાવવામાં સહયોગ કરે છે અને જ્યારે બાળક ૧૮ માસનું થાય ત્યારે બાળકનો અંતિમવાર એચ.આઇ.વી. ટેસ્ટિંગનો રિપોર્ટ કરવામાં આવે છે અને ત્યારબાદ જ બાળકમાં એચ.આઇ.વી. સંક્રમણ છે કે નથી તેની ખબર પડે છે. જેમાં પંચમહાલ જિલ્લાકક્ષાએ ૨૦૧૮ થી ૨૦૨૩ સુધીમાં અંદાજીત ૧૩૫ એચ.આઇ.વી. પોઝીટીવ સગર્ભા મહિલાની નોંધણી થઈ છે અને બાળકોમાં ૨૦૧૮ થી ૨૦૨૩ સુધીમાં અંદાજીત ૯૯% બાળકો એચ.આઇ.વી.મુક્ત લાવવા સફળ થયા છે. તો આ સાથે એચ.આઇ.વી. પોઝીટીવ વ્યક્તિને પણ સમાજમાં સમાન હક મળે અને તેમની સાથે કોઈ ભેદભાવ ન થાય તેની તકેદારી રાખવી એ આપણી સૌની જવાબદારી બને છે.



ગોધરાના રાજય પારિતોષિક વિજેતા શિક્ષક અને હાસ્ય કલાકાર એવા દિવાકર શુકલના પુત્રવધૂ શ્રેયા મૌલિન શુકલને તા. ૧૨ ફેબ્રુઆરી ૨૩ના રોજ વડોદરા ખાતે ત્રિવેદી મેવાડા કેળવણી મંડળ, વડોદરા દ્વારા ઉત્કૃષ્ટ પ્રતિભા એવોર્ડ થી સન્માનિત કરાયા હતા.